



માસિક

Shree Swaminarayan (Gujarati Monthaly)


# શ્રી સ્વામિનારાયણ


પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૬ ● જુલાઈ ૨૦૨૫

Volume no. 18, Issue No. 216 July 2025


## કેસરસ્નાન

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

**સમૈયો**

23-1-2026 - 27-1-2026


પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-




આપણાં હ્યુસ્ટન (અમેરિકા) મંદિરના ૨૫મા પાટોત્સવ પ્રસંગે ઠાકરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ટોરેન્ટો (આઈ.એસ.એસ.ઓ. કેનેડા) નૂતન શિખરબધ્ધ મંદિરનું ખાત મુહૂર્ત વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




એડમિન્ટન (આ.એસ.એસ.ઓ. કેનેડા)મંદિરના ૧૦ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



વાનકુંવર (કેનેડા) માં કથાવાર્તાનો લાભ લેતા હરિભક્તો



રજાઈના (કેનેડા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ દર્શન




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૮ ● સપ્ટેમ્બર-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ૦૬

૦૪. શ્રીહરિના ૬ઠ્ઠા અને ૭માં વંશજના મુખેથી આશીર્વચન ૦૭

૦૫. સમૈયોના ઉપલક્ષમાં ૨૧૨ ગામોની ૨૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન ૧૨

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૨૫

૦૭. ભક્તિસુધા ૨૬

૦૮. ''સમૈયો''ના ઉપલક્ષમાં ૨૯

૦૯. સત્સંગ સમાચાર ૩૩

શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

આપણને આવા શુભ-સારા દેશ, કાળ, ક્રિયા અને સંગનો યોગ થયો છે. અમદાવાદ દેશને વિષે આપણો જન્મ-વસવાટ મળ્યો છે. ભગવાને સ્વહસ્તે પધરાવેલ આવા શ્રી નરનારાયણદેવના દર્શન થાય છે. તેમની સમક્ષ સભા મંડપમાં અખંડ ૨૧૨ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્યનો લાભ મળતો હોય અને પછી ‘‘શિક્ષાપત્રી’’ના દ્વિશતાબ્દીના ‘‘સમૈયા’’નો લાભ પણ લઈશું. આપણે કેટલા ભાગ્યશાળી છીએ !

આપણને ઘણી વખત થાય છે કે સત્સંગમાં પોતાના ધર્મમાં જોઈએ એવી દઢતા કેમ નહિ રહેતી હોય ?

મહારાજે આપણને કહ્યું છે કે પરમેશ્વરના વચનમાં ખટકો નથી એટલે એવું થાય છે, જો વચન (શિક્ષાપત્રી-વચનામૃત)માં ખટકો ન રહે તો સામાન્ય આપત્કાળમાં પણ પોતાના ધર્મમાંથી પડી જવાય.


તો મહારાજના વચન પાળવામાં બરાબર ખટકો જોઈએ ને ! જો મહારાજને વિષે દઢ નિષ્ઠા હશે તો વચન ઓટોમેટીક પળાશે. ભગવાનનો મહિમા યથાર્થપણે જાણવો જોઈએ.

ભગવાનને રાજી કરવાનું તાન રાખવું, ભગવાનના ભક્ત હોય તેણે કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ, નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે.

પોતાના ઘેર પ્રસંગ આવવાનો હોય, અને એની તૈયારી અંગે રાત દિવસ, વિચાર ચાલ્યા કરે તેમ આ ‘‘સમૈયા’’ ના પ્રસંગને વિષે પોતાપણું માની મારા પ્રભુની વાણી-એમનું જ સ્વરૂપ એના બસો વર્ષનો પ્રસંગ આવતો હોય ત્યારે એની તૈયારી માટે તમે આવીને અમને મળો અને પૂછો કે સ્વામી આ પ્રસંગે હું શું કરી શકું ? તો અમને પણ તૈયારીમાં બધા સાથે છે એનો આનંદ થાય. હળવાશ થાય.

આપણે સૌએ સાથે મળી આ પ્રસંગને એવો ઉજવવાનો છે કે શિક્ષાપત્રીની આજ્ઞા એ જ મારું જીવન છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તે એને ભગવાને ‘મારા’ માન્યા છે. એ તો આ લોક અને પરલોકને વિષે મહાસુખિયા થશે એવું ભગવાને વચન આપેલું છે. તો આપણે મહાસુખિયા થવું છે ને ? તો ખબરદાર થઈ મારી શિક્ષાપત્રીની આજ્ઞા-મારો સમૈયો એનું જ ચિંતવન થાય તે જ ખરું.

હજું ૨૧૨ કલાકની અખંડ ધૂનના પડઘા દરેકના મન ઉપર છવાયેલા છે. અને તે કાયમ યાદ રાખવાના ૨૧૨ ગામોના બદલે આખો અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ ઉમટ્યો હતો. આગામી કાર્યક્રમ પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે થશે. પણ આપણે સમૈયોના ઉપલક્ષમાં ધાર્મિક-સામાજિક પ્રવૃત્તિ પણ વેગવંતી બનાવવાની છે. મંત્ર લેખન, ધૂન, શિક્ષાપત્રી પાઠ, વૃક્ષારોપણ, સફાઈઅભિયાન આદિ આપણા આયોજનો છે તે દરેક હરિભક્તે પોતાની પ્રવૃત્તિ ફરજ સમજી કરવા. આપણું લક્ષ્ય ફક્ત ‘‘સમૈયો’’ અને તેના ઉપલક્ષમાં આયોજીત પ્રવૃત્તિઓ કરવી એજ ધ્યેય રાખવાનું છે.



**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**



## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

**(ઓગસ્ટ-૨૦૨૫)**

૫ એકાદશીના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભામાં પધરામણી. ''સમૈયા''ના ઉપલક્ષમાં લીમડાના રોપાનું વિતરણ કર્યું.

૧૨-૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણસરોવર કચ્છ (કોટેશ્વર) નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા અને ઉતારાના ઉદ્દ્ઘાટન પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ''સમૈયો''ના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ દેશના ૨૧૨ ગામોની ૨૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂનનું ઉદ્દ્ઘાટન આરતી કરીને પ્રારંભ કરાવ્યો.

૧૬ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર અખંડ ધૂનમાં પધાર્યા.

૨૦ થી ૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (આઈ.એસ.એસ.ઓ.) અમેરિકા પાટોત્સવ પ્રસંગે અને શ્રી સ્વામિનારાયણ મંદિર સિનસીનાટી (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓગસ્ટ-૨૦૨૫)**

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૨-૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણસરોવર કચ્છ (કોટેશ્વર) નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા અને ઉતારાના ઉદ્દ્ઘાટન પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ''સમૈયો''ના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ દેશના ૨૧૨ ગામોની ૨૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનના પ્રારંભ પ્રસંગે પધાર્યા.

૨૦ થી ૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (આઈ.એસ.એસ.ઓ.) અમેરિકા પાટોત્સવ પ્રસંગે અને શ્રી સ્વામિનારાયણ મંદિર સિનસીનાટી (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ

# સમૈયો ના ઉપલક્ષમાં ॥ શિક્ષાપત્રી ॥



एकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥४७॥

**અનુવાદ : અને નારાયણ અને શિવજી - એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમજે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥**

વિવેચન : બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણએ દેવોમાંથી કોઈ વિષ્ણુને તો કોઈ શંકરને ભજે, ત્યારે કદાચ પોતાના દેવને મોટા ગણવાની વૃત્તિ થઈ આવે અને તેમ કરવું બરાબર નથી, એ માટે આ શ્લોકમાં કહ્યું છે કે વિષ્ણુ અને શિવ તો એકજ બ્રહ્મરૂપ છે, એમનામાં એક જ તત્ત્વનાં દર્શન કરવાં જોઈએ. જો કે, સાત્વિક ગુણના અધિષ્ઠાતા તરીકે વિષ્ણુ ભગવાન છે તેથી સાત્વિકોએ તેમના સ્વરૂપને મહત્વ આપવું જોઈએ એ પણ સાચું છે.

સામાન્ય રીતે, ભારતમાં અનેક દેવપૂજા **polytheism** પ્રાચીન કાળથી જ ચાલતી આવે છે. અનેક દેવો પૂજાતા હોય એટલે સ્વાભાવિક છે કે પોતાના દેવની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવાનો પ્રસંગ આવે અને તેમાંથી કજિયા પણ ઉત્પન્ન થતા. વૈદિક સમયથી જ આપસમાં આ ઝઘડા અને મનઃકલેશને દૂર કરવા બધા દેવોમાં એક જ પરમાત્મા રહેલા છે એમ સિદ્ધ કરવા પ્રયાસ થયો હતો. ''एकः अनेकेषु'' ''सर्व ब्रह्म'' एकं सत् विप्रां बहुधा वदन्ति વગેરે વૈદિક વાક્યો આનાં સૂચક છે.

અહીં પણ એ જ સૂચિત કરેલું છે કે શિવ અને વિષ્ણુ પરમાત્માનાં એકજ રૂપો હોવાથી તેમના વિષે એકાત્મભાવ જાણવો જોઈએ. એકબીજાના ઉપાસ્ય દેવો પ્રત્યે સદ્‌ભાવ અને પૂજાભાવ રાખવો જોઈએ જેથી આપણી ઉપાસના સારી રીતે થાય તેની સાથે અન્ય પણ પોતાની સેવા પૂજા આનંદથી કરી શકે. આવા વિચારોમાંથી આજે સર્વધર્મ સમભાવ જેવા વિચારો પણ જન્મ્યા છે. ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ, અલ્લાહ વગેરે અન્ય ધર્મો વડે સ્વીકૃત દેવોને પણ આપણે યોગ્ય માન આપવું જોઈએ એ હકીકત પણ દેવોના એકાત્મકત્વમાંથી જન્મે છે અને તે જરૂરી પણ છે.

આમ આ શ્લોકમાં શ્રી વિષ્ણુ અને શ્રી શંકરના ઐક્યનું કથન છે અને મોટે ભાગે સર્વધર્મ સમભાવ જેવા સિદ્ધાંતોનાં બીજ રહેલાં છે તે સ્પષ્ટ થાય છે.

## અમદાવાદ મંદિર હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે રાખડીઓના બોક્ષ ભેટ

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે હવેલીમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે અમદાવાદ વિસ્તારના દરેક મંદિરોમાં ચાલતી બાલિકા મંડળની દરેક બાલિકાઓને રાખડીઓના સુંદર બોક્ષ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. શહેરના આપણા નાના-મોટા દરેક મંદિરથી તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાની બાલિકાઓ એટલી ખુશ થઈ કે તેના જીવનમાં આટલો બધો આનંદ ક્યારેય નહોતો મળ્યો. આજ ધર્મકુળની રીત છે કે મારા ભક્તો સદાય રાજી રહે.**



શ્રી સ્વામિનારાયણ

# શ્રીહરિના ૬ઠ્ઠા અને ૭મા વંશજના મુખેથી

# અમૃતવચનો



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, બદ્રીનાથ મંદિર પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે, તા. ૩૧-૦૭-૨૦૨૫ :** સંતો-ભક્તોને જય સ્વામિનારાયણ. ખૂબ આનંદ આવ્યો. હું તો મોડો આવ્યો પણ દીપ પ્રાગટ્ય થયું ત્યારનો જોતો હતો. બધા સંતો અહીં ધામોધામથી આવેલા અને એમાંથી આજે પણ ઘણા છે. મંદિરની પાછળ કાંતિએ અને પરિવારે ભેગા થઈને મહેનત ઘણી કરી છે. પૈસા આપીને પુરું કરી નાખવું એ જુદું છે. પણ એની પાછળ ખટકો રાખીને ધક્કા ખાવા એ અઘરું છે. હકીકત છે ને ? કેટલી વખત ત્યાંથી આવ્યા હશે. મને તો ખબર છે. ઘડીએ પડીએ પ્લેનમાં બેસીને આવે અને અમને તે પ્લેનમાં બેસાડે તો નરક જેવું લાગે, આ હકીકત કહું છું. પણ સત્સંગનો આપણને ખપ છે. એટલે બધું થાય છે. આજે દૂર દેશથી છેક કચ્છથી, ઝાલાવાડથી કે ઉત્તર ગુજરાતથી બધી જગ્યાએથી આપણા હરિભક્તો એકત્રિત થયા છે. ત્યારે કંઈક તો છે ને આકર્ષણ!

આજે ધન્યવાદ છે એ પરિવારની સેવાને, Seriously કહું છું, કેમ કે પૈસા એ તો પછી આવે છે પણ એ પહેલા વિચાર થવો, વિચાર આવવો જોઈને ? એમાં પ્રેરણા ભળે, સંકલ્પ થાય પછી એને પરિવર્તન કરીને આકાર આપવો પડે ને એની પાછળ દોડા કરવા પડે. બહુ અઘરું કામ છે. વિચાર તો ગમે તેને આવે પણ કામ કરવું બહું અઘરું છે. એમાંય આ પ્રાંતમાં કામ કરવું અને ધક્કા ખાવા, અમે તો જાણીએ છીએ. હવે ડેવલપમેન્ટ શરૂ થયું એટલે આપણું થયું. બાકી Perf Foration આપતા નહોતા. અંતર ઠરે એવું મંદિર થયું છે. આટલા વર્ષ સુધી થૂંકના હાંધા થતા હતા, કાંતિ ! આ તોડીને આટલું વધારો, આ તોડીને આટલું વધારો. હવે તોડીને વધારવાનું નથી કે ઘટાડવાનું નથી. આટલું બરોબર છે. સરસ સુવિધા થઈ છે અને જે નાનું મોટું બાકી છે એ થઈ જશે. ભગવાન બેઠા છે.

આજે નરનારાયણદેવના દર્શન કરવા ગયા હતા. સાથે સંતો હતા, હરિભક્તો હતા. સરસ દર્શન થયા, બેઠા અને ખૂબ આનંદ આવ્યો. હું તો ગઈકાલે જ આવ્યો છું. તમે તપશ્ચર્યા કરો છો. **આ તપની ભૂમિ છે. નરનારાયણદેવના તપની આ ભૂમિ છે અને નરનારાયણદેવના આપણે આશ્રિત છીએ માટે આનાથી અધિક મોટું તીર્થધામ કોઈ કહેવાય નહીં.**

હમણા ભગવત સ્વામીએ વાત કરીને, લઈ જજો, લઈ જજો. શું લઈ જશો ? **તો ગુણ બુદ્ધિ લઈને જવું. કંઈક સારું લઈને જવું. છેલ્લે સ્મૃતિ પણ લઈને જજો કારણ મહારાજ કહેતા ને કે ઉત્સવ સમૈયા એટલા માટે કરીએ છીએ કે અંતકાળે યાદ આવે તો..... આ જ યાદ રાખવાનું છે.**

મેં કાંતિને તારીખ આપી પછી ફોન કર્યા કરે, જોતા રહેજો. જોતા રહેજો. વેદાંત સ્વામીનો ફોન આવ્યો. મેં કહ્યું, આ તારીખ આપેલી છે. પછી તો ઉપરથી પહાડ પડ્યા, અહીંયા ના પડ્યા, અમારા ઉપર પડ્યા. અહીંયા તો કંઈ પડ્યા નહોતા. એ કહે, આ ટાઈમ આપવો પડે. હમણા ભાષણ કરતા હતા ને એ જ કહેતા હતા. આ તારીખમાં જઈને શું કરવાનું ? પહાડ પડે ને પવન આવે. અત્યારે સ્વેટર પહેરીને આવ્યા છે. જુઓ. સ્વેટર પહેર્યું છે ને મહંત સ્વામી? મેં કીધું. ૧૧ ડિગ્રી છે. ચિંતા કરવાની ક્યાં જરૂર છે ? ભગવાન જેવા ભગવાન પ્રત્યક્ષ છે. આ તો રમૂજ કરું છું. મારા નાનપણના દોસ્તાર છે.

કાંતિ ભેગા બદ્રીવિશાલ દર્શન કરીને આવતા હતા ત્યારે મેં કહ્યું, આવી તારીખથી ફોનમાં ઝટકાવ્યા બધાએ એમને એટલે કહેતા હતા કે થાકી પડ્યો હું તો. મેં કીધું, મેં તારીખ આપી છે એટલે મને પણ ચારેય બાજુથી ફોન આવ્યા પણ **ભગવાન ભળતા હોય છે ત્યારે કંઈક નિમિત હોય છે. નહીં તો આટલી રહેવાની જગ્યા, એક રૂમ તમને ના મળે. આટલું સરસ વાતાવરણ, આવો સરસ પ્રસંગ થઈ ગયો. આપણા માટે આ અદ્‌ભુત કાર્ય થયું છે. તમે અનુભવ કર્યો ને ? આ પરચાની વસ્તુ નથી પણ**

**પ્રત્યક્ષ ભગવાન આપણી ભેળા છે એનું આ પ્રત્યક્ષપણું છે. ભગવાન પ્રત્યક્ષ છે આપણી જોડે. આપણે નરનારાયણદેવના આશ્રિત છીએ એની ખુમારી છે.**

**આજે આ જગ્યાએ ૫-૬ મહિના બરફને એવું બધુ પડે એમાં ગોલોક સ્વામી મહેનત કરે છે** અને મહેનત કરે છે. કેમ કે હાં ભળતા નથી. ભગવાને દયા કરી છે. ગુણેયુક્ત કર્યા છે. હાંભળવાનું જ નહીં. હાંભળે એનું ઝેર છે ને ! હાંભળે તો તકલીફ પડે ને ? કોઈક ગાળ દઈ દે, ખરાબ જ ન લાગે. આ બધુ એવું છે. **જોવાનું ને હાંભળવાનું જ આ બધુ ઝેર છે.** ભૂંગળી કોંક વાર ભરાવે. આવે એટલે હું ધીરે રહીને પૂછું કે ભૂંગળી ભરાવી છે ? તો વાત કરું. નહી તો કંઈ મીનિંગ નથી. વલ્લભ સ્વામી બોલે તો અમને બોલવા દેતા નથી. પણ દેશ દેશાંતરથી આટલા બધા સંતો આવ્યા, એમાં પણ ભૂજથી આટલા બધા સંતો આવ્યા. જોઈને હું તો રાજી થયો. વહેલા આવ્યા હોત તો મઝા આવત, ગપાટા મારવા. અમને તો શ્રધ્ધા છે. તમે તો ૮ મહિના જાત્રા કરો છો ને ? પણ એ આકરું છે. આનંદ થાય.

ધન્યવાદ છે આ પરિવારને. જેટલા ઉપસ્થિત છે ભાઈઓ બહેનો સર્વેને, સંતો તો છે જ, સાંખ્યયોગી બહેનો છે. આપણા કેટલા મોટા ભાગ્ય છે. મને તો મિત્ર મંડળને દોસ્તારો વગેરે ચારેય બાજુ હોય ને તેમાંથી કેટલા જણે પૂછ્યું, તમારું બદ્રિનારાયણ મંદિર થયું ? બદ્રિનારાયણ મંદિર થયું ? **એ પણ એક હરિભક્તે બનાવ્યું છે એટલે ગર્વાન્વિત થઈએ આપણે. આપણો સંપ્રદાય કેવો છે ? ખાલી એક ક્ષણમાત્ર વિચાર કરો, ગુણબુદ્ધિ જો લઈએ તો આપણને જે સંપ્રદાય મળ્યો છે એ જગતમાં કોઈને મળ્યો નથી. આ ભગવાન, આ સંતો, આ હરિભક્તો, આપણને જે મળ્યું છે એ ક્યાંય મળે એવું નથી. એનું મમત્વ અને પોતાપણું ક્યારેય પણ છૂટે નહી એની તકેદારી રાખવાની છે.** બાકી જાત્રાએ તો ઘણા જાય છે પણ રખડવા જાય છે. આ હકીકત છે. રસ્તામાં અમે આવતા હતા. ટેક્ષીવાળા યુ.પી.ના ડ્રાઈવર ટેક્ષી ચલાવતા હતા. એય કહેતા હતા. ગુજરાતના આવે છે પણ ખાવાનું લઈને જ આવે છે. જ્યાં ભાળે ત્યાં ઉભી રાખે. ખાવા બેસી જાય. લાવેલા હોય એ અંદર થી બધુ કાઢે. અડધી ગાડી એની જ ભરી હોય! બીજાનું ક્યાં કરો છો ? અમારી ગાડી જ અડધી ખાવાની ભરી હતી. આ (મહંતશ્રી અમદાવાદ) અડધી ગાડી ભરીને લાવ્યા હતા. મેં કીધું, જરીક તો ભગવાન ઉપર વિશ્વાસ રાખો. ત્યાં આપશે આપણને, મળી જશે ખાવાનું, કેટલી પ્રસાદી અપાવી તો પણ કહે, વધી પડ્યું શું કરીએ ? વધી પડ્યું તો દઈ દો કોકને, પણ આ તો આનંદ છે, સુખ છે, શાંતિ છે. સરસ આયોજન થઈ ગયું. વખાણ કરવા નથી કહેતો, કાંતિ ! હકીકત કહું છું. ઘણા વખતે આવવાનું થયું પણ અંતરથી હૃદયથી આનંદ થયો.

તમે આટલું ઉભું કર્યું તો મારે આવવાનું થયું. બાકી હું તો આળસુ છું. હું તો ના આવું. કારણ કે **રોજ અડસઠ તીરથ ચરણે કોટિ ગયા કાશી..... (ગાઈને પાછુ આપણે રખડ રખડ કરવા ક્યાં જવું ?** તીર્થાટન કરી કરીને મરી જવું ! આપણે ક્યાં એવા પાપ કર્યા છે કે તીર્થાટનમાં જવુ પડે. જેણે કર્યા હોય એ જાય.) **આપણે તો પુણ્યની માત્રા વધી પડી છે. આટલા બધા સંતો ભક્તો તમે બધા ભગવાન માટે કામ કરી રહ્યા છો. હવે તમારે ઓછું પડે છે ? બેલેન્સ વધેલું જ છે. હવે આ તો ઓછુ પડતું હોય તો અંતર્દષ્ટિ કરી લેવી. મારે ને તમારે બધાએ ?**

પણ બધા આવ્યા છો. બહુ આનંદ થયો. ગાદીવાળા વિચાર કરતા હતા, આવું કે ના આવું ? આવું કે ના આવું ? એક દિવસ વહેલા આવવાના હતા પણ પછી ભેગા આવ્યા ને સજોડે આવી ગયા. આગળ પાછળ. સવારે જ ટેલિફોન આવેલો એમને પણ બહુ આનંદ થયો. આવા પવિત્ર દિવસે, આવા પવિત્ર ધામમાં દર્શન થાય. **નરનારાયણદેવનું આ પવિત્ર સ્થાન છે. પવિત્ર ધામ છે. મૂળિયા તો આ છે ને ? એટલે મહારાજે અમદાવાદમાં નરનારાયણદેવ પધરાવ્યાં. ભૂજમાં પધરાવ્યા અને બધા મંદિરમાં પધરાવેલા છે. નવે નવ મંદિરમાં છે જ પછી આઘું પાછું થયું એ જુદી વાત છે, બાકી નરનારાયણદેવ ને અને એને લઈને આપણો સંપ્રદાય સુખી છે. આ વાસ્તવિકતા છે. કોઈ ના માને એ ઘેર ગયું. બાકી હકીકત આ છે.**

આપણે ભાગ્યશાળી છીએ. નરનારાયણદેવની આ ભૂમિમાં, આવા પવિત્ર ધામમાં તમે સૌ આવ્યા છો. નરનારાયણદેવ સૌને ખૂબ સુખી કરે, રાજી થાય, આશીર્વાદ આપે. આ પરિવારે સેવા કરી, મેપાણી, સુતરીયા છે. બધી જગ્યાએ સારી સેવા કરે છે. છપૈયામાં ઘણી સેવા કરી. પહેલા કીધું એમ મેં એ બીજી વસ્તુ છે પણ આયોજન કરવું બહુ અઘરું છે. વિચાર તો ઘણાને આવે પણ થાય છે ક્યાં દુનિયામાં ? એટલે ભગવાનની કૃપા છે કે આવો સરસ પ્રસંગ થયો. બધા સંતો ભક્તો ઉપર ભગવાન રાજી રહે, ખૂબ રૂડા આશીર્વાદ આપે. આ પરિવારમાં સંસ્કારની વૃદ્ધિ થતી રહે, ઉન્નતિ પ્રગતિ થાય એવી નરનારાયણદેવના

ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મોટા મહારાજશ્રી, (On Line આશીર્વાદ) :** આપણા આ બદ્રિનાથ મંદિરના જીર્ણોધ્ધાર અને નવીનીકરણ પ્રસંગે અમને ખૂબ અતિશય આનંદ થાય છે.

આ મંદિરનો ઈતિહાસ એવો છે કે લગભગ ૧૯૭૫ની આસપાસ અમે સ્પેશીયલ ટ્રેન લઈને બદ્રિનાથની યાત્રાએ ગયેલા તે સમયે જ્યારે યાત્રા કરીને પાછા આવતા હતા ત્યારે અમારી ટ્રેન હરિદ્વાર સ્ટેશન ઉપર ઉભી હતી તે સમયે પ્લેટફોર્મ પર જ સભા થઈ. એ સમયે હરિભક્તોને મેં કહ્યું, આ સભામાં આપણે કથાવાર્તા નથી કરવી પરંતુ મારે એક પ્રશ્ન પૂછવો છે કે, આપણે બદ્રિનાથ જઈ આવ્યા. ત્યાં આપણે બધા ધર્મશાળા વગેરેમાં ઉતર્યા પણ ત્યાં આપણી પોતાની જગ્યા હોય તો કેવું ? આ વિચાર હરિભક્તોને એટલો બધો ગમ્યો કે હરિભક્તોએ કહ્યું કે, આપણે અહીં જ ફંડ કરીએ. **તો બદ્રિનાથ મંદિરના ફંડની શરૂઆત હરિદ્વાર સ્ટેશનના પ્લેટફોર્મ પર થઈ. યાત્રિકો દ્વારા લગભગ ૪૦ કે ૫૦ હજારની સેવા ત્યાં જ પ્લેટફોર્મ પર થઈ હતી. મંદિરના આ શરૂઆતના પ્રસંગો છે.**

ત્યારબાદ સંતોએ, મહંત સ્વામી કૃષ્ણજીવન સ્વામીએ મંદિરની જગ્યા શોધી પસંદ કરી અને મહારાજની દયાથી આપણને સરસ જગ્યા મળી ગઈ. મંદિરનું નિર્માણ થયું. પણ બદ્રિનાથના હવામાનને કારણે આપણે દર વર્ષે કંઈકને કંઈક મેઈન્ટેનન્સ અગવડ સગવડ પડતી હોય. **બરફની વર્ષા થાય વગેરે દરેક રીતે મંદિર ચલાવવું - નિભાવવું એ અઘરું છે. સંતોને ત્યાં રહેવું પણ ખૂબ અઘરુ છે. જે સંતો ગયા એ પરિશ્રમ કરીને કષ્ટ વેઠીને રહ્યા છે અને હરિભક્તોને સાચવ્યા છે. અત્યારે પણ ગોલોક સ્વામીએ ઘણા વર્ષોથી ખૂબ મહેનત પરિક્ષમ કરીને મંદિરનું સરસ નિર્માણ કરાવ્યું છે. હરિભક્તોને સાચવ્યા છે. પ્રેરણા કરી છે એમને ખૂબ ધન્યવાદ છે અને સૌથી મોટા ધન્યવાદ મેપાણી પરિવારને આપીએ કે જેમણે ભૂજના સંતોની પ્રેરણાથી આ મંદિર માટે અમૂલ્ય સેવા કરી છે.**

યુ-ટ્યુબમાં જોતો હતો. ભૂજના સંતોની ઉપસ્થિતિ પ્રેરણા આશીર્વાદ અમને ખૂબ આનંદ દાયક લાગે છે. તો આ પ્રસંગે અમારા સૌને અંતરના આશીર્વાદ છે. મહારાજના ચરણોમાં પ્રાર્થના છે કે આ મંદિર દ્વારા શ્રીજી મહારાજનો જે સર્વોપરી સિધ્ધાંત છે એ આપણા સત્સંગમાં અને ઈવન બિન સત્સંગીમાં પણ પ્રચાર પ્રસાર થાય. યાત્રિકોને ઉતારા વગેરે ખૂબ સારી સુવિધા મળે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના. દરેકને ખૂબ ધન્યવાદ અને આશીર્વાદ સાથે વિરમુ છું.

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, નારાયણ સરોવર મંદિર (કચ્છ-ભુજ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે, તા. ૧૩-૦૮-૨૦૨૫ :** આદરણીય સંતો અને વ્હાલા હરિભક્તો દરેકને જય સ્વામિનારાયણ, શુકદેવ સ્વામી આવો, તમને હાર પહેરાવું, તમે બાકી છો તમે સૂત્રધાર છો.

આવતા હતા ત્યારે સંતોને વાત કરતા હતા કે ૧ દિવસ શું કામ ? ૨ - ૪ દિવસ મને રાખો તો જંપીને બેસાય. આવો સરસ ઓક્સિજન ક્યાં મળે ? આવી જગ્યાએ જે સુવિધા થઈ છે એ બહુ અગત્યની છે. તેની પાછળ મહંત સ્વામી અને વડીલ સંતોની પ્રેરણાથી બધા સંતોએ, રામજીભાઈની ટીમના હરિભક્તો અને દરેક હરિભક્તોએ મળીને જેઓએ અગાધ પરિશ્રમ અને સેવા કરી છે એ માટે ખૂબ ધન્યવાદ. અંતરથી કહું છું. ફોર્માલીટીથી નથી કહેતો. બે વખત હાર પહેરાવવાનું થાય તો કદાચ ફોર્માલીટીથી થાય. પણ વાતાવરણ અને માહોલ જોઈને સહેજે એવું થાય છે કે બે દિવસ રોકાવું જોઈએ. સ્વામીએ કહ્યું બહુ વેન્ટીલેટેડ જગ્યા છે. મેં કીધું, કોક દિવસ આવીશું પણ કોઠારમાંથી તારીખ લખાવવાનું ઓછું થાય તો અવાય, આ તો હસવાની વાત છે.

પણ જોઈને ખૂબ ટાઢક થાય છે. સંતો અને હરિભક્તોની સુવિધા અને મર્યાદા બધી જળવાઈ રહે એ ખૂબ મોટી વાત છે. ખૂબ મોટું વિઝન લઈને મહંત સ્વામીએ જે ૪-૫ સંતો અને હરિભક્તોની ડેલિગેશન નિમણૂંક કરેલી તેથી તમારા બધાની સેવાથી આ અદ્ભુત કાર્ય થયું છે. આ ઝાડવા મોટા થશે ત્યાં સુધીમાં તો આપણા દીકરાઓ મોટા થશે, એ અહીં આવીને ક્યારેક રહેશે. કારણ કે આ બધી વસ્તુની બહુ જરૂર છે. **પ્રકૃતિની જરૂર છે. પ્રકૃતિના ખોળે રહીને જે ભગવાનનું ભજન થાય છે એવું ગામમાં બેસીને કે ટી.વી. સામે બેસીને કે મોબાઈલ પાસે બેસીને થતું નથી.** આજના યુગમાં માણસો રખડવા રઝળવા જાય છે. પણ અહીં આવીને જુએ તો શાંતિની અનુભૂતિ થાય એવું છે.

આ કલરફુલ ગમ્યું. જો કે અંદર તો કલર ફુલ હતો જ ! સરસ લાગે છે એટલે ઉતાર્યું જ નહીં પણ કાયમ નથી પહેરવાનો પણ આ વસ્તુ આપણી પરંપરા અને ધરોહરનું

પ્રતિક છે, એટલે મને ગમ્યું. ધરોહર સાચવી રાખવાની છે અને ભવિષ્યની પેઢીમાં આપવાની છે. **આજે તમે જે સેવા કરો છો એ ભવિષ્યમાં આપણી પરંપરા અને સિધ્ધાંતો સાચવવા માટે આ બધી સેવાઓ થઈ રહી છે. જો આ સુવિધા નહી મળે તો ભવિષ્યની પેઢી ક્યાં જઈને બેસશે એ પ્રશ્ન છે. આપણા ધર્મને સાચવવા, આપણી મર્યાદા સાચવવા માટે બધુ થાય છે. દિન પ્રતિદિન આપણા સંપ્રદાયનો વિકાસ અને વિસ્તાર થાય છે. એ મહારાજની ઈચ્છાએ કરીને થાય છે.**

**આવા પ્રોજેક્ટ જેટલા થશે તેનાથી લોકોને પણ રસ જાગશે અને આપણી નવી પેઢી પણ જોશે તો વિચાર થશે કે બીજે ક્યાંક જવા કરતા અહીં આવીને રહીએ એવું મન થાય એવા પ્રોજેક્ટ આપણે વિચાર કરીને કરવા પડશે. હવે જે પ્રોજેક્ટ થશે એ આપણા માટે નથી કરવાના અને આજ સુધી આપણા વડવાઓએ જે મહેતન કરી છે. સંતોએ અગાઉ જે કર્યું છે એ પણ ભવિષ્યની પેઢી માટે જ કર્યું છે. મહારાજે જે દાખડો કર્યો છે એ આપણા માટે કર્યો છે. મહારાજે કહ્યું ને કે અમારા દાખડા સામે જોજો. આજે આપણે દૂરગામી વિચારધારા રાખીને આવા સરસ આયોજનો કરી રહ્યા છીએ. આપણી પાસે પૈસાની રીતે તો પછી પણ એ પહેલા આપણી પાસે જે મેન પાવર છે, જે બુદ્ધિનો બ્રેઈન પાવર છે અને હ્યુમન રીસોર્સિસ છે. એનો સદુપયોગ કરીને આવા કાર્ય થાય છે. એ મોટી વાત છે.**

જુઓને, વેધર અને પર્યારણ કેટલું સરસ છે ! હું તો નીકળ્યો પણ ટાઢક થાય અને એમાં પણ આપણું પોતાનું સંકુલ હોય. આવી સરસ સુવિધા હોય આ બધી વસ્તુ બહુ અગત્યની છે. એની અત્યારે ખબર નહીં પડે પણ આવતા ૧૫-૨૦ વર્ષ પછી ખબર પડશે જ્યારે આપણા દીકરા-દીકરીઓ અને એના દીકરા-દીકરીઓ અહીંયા રીલેક્ષ થવા આવશે તોય ભગવાન એના ઉપર રાજી થશે.

બાપજીએ ખાસ બધાને ખૂબ ખૂબ જય સ્વામિનારાયણ કહ્યા છે. સૌને યાદ કર્યા છે. રાજી થયા છે. આઈપેડ ઉપર તમને જ જોવે છે. એમનું મન અહીં જ છે. કહેતા હતા કે ખૂબ સારું કાર્ય થયું છે.

**આપણો વિસ્તાર અને વિકાસ થાય એ ગૌરવની વાત છે. મૂળ સંપ્રદાય આપણને મળ્યો છે, પ્રગટ ભગવાન આપણને મળ્યા છે એ અદ્‌ભુત વસ્તુ છે.** બીજા કોઈને એ મળ્યું નથી આપણે એને ગર્વથી આગળ લઈ જઈએ અને લઈ જઈએ જ છીએ. **પણ વસ્તુ એ છે કે આપણને જે ભગવાન મળ્યા છે, નરનારાયણદેવ મળ્યા છે એની ખુમારી આપણા જીવનમાં ક્યારેય ભૂલાઈ નહી અને એના રીઈન્ફોર્સમેન્ટ માટે જ આવા પ્રસંગો, આવા સંકુલો અને મંદિરો થાય છે.**

અહીં બહાર તમે બેઠા હો તો તમારો ઓક્સિજન ૨૦૦% એમ જ વધી જાય ! અમે તો ક્રોંકિટના જંગલમાં રહીએ છીએ. લંડનથી મેસેજ આવેલો કે ૫-૭ દિવસ આવીને રોકાવું છે પણ જો લંડન જેવી વ્યવસ્થા ગોઠવી આપો તો ! મેં કીધું, લંડનમાં છે શું ? હાકડ મોકડ રસ્તા, એક ગાડી આવે તો બીજી ગાડી જઈ શકે નહી એના કરતા અમારા દેશના રસ્તા સારા છે. ભલે ઠેબા ખાતા ખાતા જાવ પણ ત્યાં તો અડધા અડધા બમ્પ બનાવે. બે બાજુ ટેકરા કરે અને વચ્ચે ખાડો રાખે. કાંકરી સિમેન્ટ બિચારાને ઓછા પડતા હોય એમ ! આપણી આ સુવિધાઓ જે થાય છે એ ભગવાનની કૃપાથી અને તમને બધાને દેવ પ્રત્યે પોતાપણું છે. સત્સંગમાં જે મમત્વ છે એનાથી થાય છે. **અંતર્દ્રષ્ટિ કરવાની અને માણવાની આ જગ્યા છે. દુકાન ભૂલી જઈને બે દિવસ રહેજો, માણજો, અંતર્દ્રષ્ટિ કરજો.**

એક પોડકાસ્ટમાં કોકે સરસ વાત કરી કે અઠવાડિયામાં જે દિવસ નક્કી કરો એ એક દિવસ મોબાઈલ બંધ રાખજો. એ અંગ્રેજ હતો એટલે એણે રવિવારની સવારથી સોમવારની સવારનું કહ્યું. પણ એ પ્રયોગથી તમારો ફેમીલી ટાઈમ વધી જાય છે. ફેમિલી ડિફરન્સીઝ તમારા ઓછા થઈ જશે. **મેં તો ૧૫-૧૭ વર્ષ પહેલા કીધું હતું કે એકાદશી સાચી એ છે કે એ દિવસે તમે ફોનનો સંપૂર્ણપણે ત્યાગ કરી દો.** કેમ કે એકાદશીમાં ફરાળી લોટ આવી ગયો છે. એટલે બાકી કંઈ રહ્યું જ નથી. આજે ૨૪ કલાકમાં માણસ જો સુખીયા સુખી હોય તો બાથરૂમમાં હોય છે. શ્વાસ લેવાનો ટાઈમ મળે છે. છાતી ઉપર હાથ મૂકીને કહો. હવે જો બહાર રીંગ વાગે ને બાથરૂમમાંથી દોડીને બહાર આવે તો એ દુઃખી છે. આ હકીકત છે. કારણ કે કોઈપણ ડિસ્ટર્બન્સ વિનાની આજે દુનિયા હોય તો એ બાથરૂમમાં મળે છે, બાકી જ્યાં જુઓ ત્યાં આ ડબલું જીવ ખાવા આવે છે. **મહારાજે જે સિદ્ધાંતો કર્યા છે, જે આપણે ધ્યાન, ભજન કે માનસી પૂજા વગેરે જે કંઈ કરીએ છીએ તેનો વિચાર કરીએ તો એ આપણે પોતાના માટે કરી રહ્યા છીએ. અને થોડોક સમય પોતાના માટે નહી કાઢીએ ત્યાં સુધી આ દોડ કોઈની પૂરી થઈ નથી અને કોઈની થવાની નથી એ તો હું લખીને**

**આપી દઉં.** રાજા રજવાડા હતા એનીય પૂરી નથી થઈ, અમારા પૈડા ફરવાના બંધ થવાના નથી. તમારા પૈડાય બંધ નહીં થાય, પ્લેનો બંધ થવાના નથી. સંતોય દોડમ દોડ કરે છે. આ ભગવત સ્વામી વગેરે બધા લંડનથી બદ્રીનારાયણ આવ્યા, મેં કીધું ધન્ય છે તમને ! જાદવજી ભગતને વડીલ સંતો, બધા સંતો સત્સંગ માટે સતત ફરતા રહે છે, કામ કરવું એ નાની વાત નથી અને થાય છે કારણ કે મમત્વ અને પોતાપણુંછે. **તા. ૧૪-૮-૨૫** શુકદેવ સ્વામીએ વાત કરી એ મુજબ સંકેલો કરવા માટે રહેજો. જેઓએ પોતાનું ઘર માન્યું હશે, પોતાપણું હશે એ રહેશે. જગન કરવો સહેલો છે પણ સમાપનમાં અઘરુ હોય છે. તાળી પાડો છો એટલે રહેવાના છો. પણ આકરું કામ છે. દરેક આવા કાર્યની પાછળ બહુ મહેનત પરિશ્રમ કેટલા બધા લોકોનું યોગદાન, માત્ર ધનથી નહી પણ તન, મન અને સમયના યોગદાનથી આ બધુ થાય છે.

એક સુભાષિતમાં લખ્યું છે કે વિચાર કર્યાથી કોઈ વસ્તુ થતી નથી. હરણું આવીને કોઈ દિવસ સિંહના મોઢામાં ઘુસી ના જાય, મહેતન કરવી પડે છે.

મહંત સ્વામીની તબિયત, સ્યુગર થોડું લો થઈ ગયેલું એટલે રૂમમાં બેઠા હતા. ૩૫ મહંત સ્વામી વગેરે સંતો આવ્યા ત્યારે મહંત સ્વામી કહે, હવે થાકી ગયો છું. ત્યારે સંતોએ કહ્યું, હજુ આ આ જગન કરવાના છે. એટલે મહંત સ્વામીએ બીજા બે ગણાવરાવ્યા એટલે **આજે ખટકો જે આપણે ભૂલી જઈએ પણ વડીલ સંતો યાદ રાખે છે. એ સંપ્રદાય પ્રત્યે મમત્વ છે. લાગણી છે અને નરનારાયણદેવના આશરાનું બળ છે એ બહુ મોટી વાત છે.**

મહંત સ્વામીને અમે વાત કરતા હતા કે આ જાત્રાનું સ્થાન છે. આવા સુવિધાના સ્થાન બહુ બનશે ને પછી બગડી જવાય. શાસ્ત્ર પ્રમાણે ગાંઠનું ખર્ચીને તીરથ કરવું એટલે અગાઉ ઢેબરા ને એવું બધુ લઈ જવું પડતું હતું પણ હવે તૈયાર જ જડવાનું છે પણ સારું છે. સંતો પહેલા ૬-૮ મહિના જતા, જાત્રાની ગાડીમાં શીંગોના કોથળા ને કાજુ એવું બધુ ભર્યું હોય. હું ગાડીમાં બેઠેલો છું. ના મળે એટલે શું કરે ? બધુ ભરીને જવુ પડે. **જાત્રા એ એક તપશ્ચર્યા છે પણ હવે સુખદ થઈ ગઈ છે. સુવિધા થઈ છે.** તીર્થ સાથે સુવિધાનો આ કોન્સેપ્ટ મહંત સ્વામીએ આપ્યો. રામજીભાઈ અને એનો પરિવાર ટ્રસ્ટીઓ અને આગેવાનોએ સાકાર કર્યો, અંતર ઠર્યું.

ગઈ કાલ સાંજે દર્શન કરવા ગયા હતા. **શાંતિનું આ સ્થાન છે. બધાએ અહીં આવવું જોઈએ. ગર્વ લેવા જેવું સ્થાન છે. જ્યાં ને ત્યાં કથા કરીએ છીએ. મેં કહ્યું, અહીંયા કથા કરો. શાંતિથી બેસીને સંભળાય. ન ગઈ ગંગા ગોદાવરી કાશી. એવું આ સ્થાન છે. પાછું કચ્છ ચોવીસીની અંદર છે. પ્રસાદીની જગ્યા છે. સુવિધા સંપન્ન છે. બાજુમાં સરસ મંદિરો છે. સરોવર આપણું પ્રસાદીનું છે.** કાલે પૂજા કરવા ગયા હતા. સંતો સાથે હતા. **સંતોનો ખટકો છે, આવડત છે, રાખ રખાવત છે.** આ બધી વસ્તુનું બેલેન્સ રાખવું અઘરું છે પણ મમત્વ અને પોતાપણાથી થાય છે.

ભવિષ્યમાં આપણી પેઢી આવા સ્થળોએ આવીને રીક્રિએશન ભલે કરે. તોફાન કરે, મઝા કરે, રમે જમે તેની બધી વ્યવસ્થા કરવી પણ સત્સંગમાં થશે, મર્યાદામાં રહીને થશે તો સત્સંગના સંસ્કાર પણ સહેજે સહેજે જળવાઈ રહેશે. સત્સંગનો વિસ્તાર થશે.

**નવા વર્ષના કેલેન્ડર, દટ્ટા પ્રકાશિત થઈ ગયા છે. શક્ય તેટલા વહેલા મેળવી લેશો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પસંદ કરેલ અલૌકિક દર્શનીય સુંદર નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે. (આપણા શ્રીનરનારાયણદેવ દેશના નાના-મોટા દરેક મંદિરોએ આજ કેલેન્ડર બનાવવાના રહેશે. જેમાં કોઈ પ્રકારનો ફેરફાર રહેશે નહી. જેની તમામ સંતોએ, કોઠારીશ્રીએ નોંધ લેવી) જે આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર ઉપર મળી શકશે.

અને નવા વર્ષના વિક્રમ સંવત ૨૦૮૨ ના વર્ષના દટ્ટા પણ પ્રકાશિત થઈ ગયા છે. જે સૌ હરિભક્તોએ મેળવી લેવા.

**કાલુપુર મંદિર કોઠાર ઓફિસ**
બાલુ સ્વામી ૯૪૨૭૦ ૭૦૩૭૧
સુરેશભાઈ : ૯૧૭૩૦ ૮૯૦૩૦
**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ**
શ્રી વિપુલભાઈ : ૯૭૨૫૪ ૪૯૨૮૮
શ્રી પ્રયાગભાઈ : ૯૪૨૯૦ ૬૭૫૮૪

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ દેશના ૨૧૨ ગામોની

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર

સમૈયો ના ઉપલક્ષમાં

૨૧૨ કલાક

# અખંડ ધૂન

સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીને ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે તેનો ''સમૈયો'' ના ઉપલક્ષમાં 'સ્વામિનારાયણ મહામંત્ર'ની ૨૧૨ કલાકની તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૨૪-૦૮-૨૦૨૫ સુધી સળંગ ૧૦ દિવસ ધૂન થઈ જેનો લાભ ૨૫૦ થી વધુ ગામડાના હરિભક્તોએ લીધો. આ ધૂનની વિશેષતા એ છે કે ધૂન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી પ્રગટ ભગવાન શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના સાંનિધ્યમાં અક્ષરધામ તુલ્ય પ્રસાદીના સભા મંડપમાં, પવિત્ર ચાતુર્માસ અને તેમાં પણ શ્રાવણ મહિનો, વળી ૧૦ દિવસમાં ૧ દિવસ જન્માષ્ટમી, ૧ દિવસ અજા એકાદશી તેમજ ૧ દિવસ અમાસના પર્વનો સમાવેશ થતો હોય ત્યારે 'સ્વામિનારાયણ મહામંત્ર'નો શાસ્ત્રોમાં જે મહિમા લખાયેલો છે તેના કરતા પણ અનંતગણા ફળની પ્રાપ્તિ અર્થાત્ શ્રીહરિનો અનંતગણો રાજીપો ધૂનમાં સહભાગી ભક્તજનોને થયો છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કોઈ વર્ણવી શકે નહી તેમ સ્વામિનારાયણ નામનો મહિમા કોઈ વર્ણવી શકે નહી. કારણ કે 'નામ'ની પાછળ 'નામી' રહેલા છે.

**જે સ્વામિનારાયણ નામ લેશે,**
**તેના બધા પાતક બાળી દેશે,**
**છે નામ મારા શ્રુતિમાં અનેક,**
**સર્વોપરી આજ ગણાય એક...૧**
**જો સ્વામિનારાયણ એકવાર,**
**રટે બીજા નામ રટ્યા હજાર,**
**જપ્યા થકી જે ફળ થાય એનું,**
**કરી શકે વર્ણન કોણ તેનુ ? ... ૨**
**ષડક્ષરી મંત્ર મહાસમર્થ,**
**જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ,**
**સુખી કરે સંકટ સર્વ કાપે,**
**અંતે વળી અક્ષરધામ આપે... ૩**

ભગવાનની ભક્તિ કરનાર માણસ મુખેથી સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતો હોય તે શુદ્ર હોય છતાં દેવતાઓએ પણ નમસ્કાર કરવા યોગ્ય થાય છે.

આપણને મળ્યા જે સહજાનંદ સ્વામી તેમણે પોતે પોતાનું આ 'સ્વામિનારાયણ' નામ પોતાના મુખેથી કહ્યું હોવાથી બહુ પ્રસાદીનું છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીના શબ્દોમાં આ નામનો મહિમા સાર રૂપે ટૂંકમાં કહીએ તો સેલફોનના માધ્યમથી કોઈ માણસ સાથે સીધા જ વાત થઈ શકે તેમ 'સ્વામિનારાયણ' નામની ધૂનથી મહારાજ સાથે સીધો જ સંપર્ક થઈ શકે છે.

અખંડ દશ દિવસ સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં આખો શ્રી નરનારાયણદેવ દેશ ઉમટ્યો હતો. રાત દિવસ ગામો ગામથી હરિભક્તોનો મોટો સમૂહ સતત પાણીના પ્રવાહની જેમ ચાલુ હતો. અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને તેમના મંડળના તમામ સંતો-હરિભક્તો સ્વયં સેવકો, શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ શ્રધ્ધા ભક્તિ, પ્રેમપૂર્વક સૌ હરિભક્તોને સાચવ્યા હતા. દશ દિવસમાં કોઈને કોઈ સ્વાસ્થ્યની, કોઈની વસ્તુ ખોવાઈ હોય, કોઈને અન્ય કોઈ જાતની તકલીફ શ્રી નરનારાયણદેવે પડવા દીધી નથી.

પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા તમામ સંતો પૂ. મહંત સ્વામી, પૂ. સંત સ્વામી, પૂજારી પૂ. દેવ સ્વામી, આપણા અમદાવાદ, ભૂજ અને મૂળી દેશથી પણ અનેક સંતો-મહંતો

હરિભક્તોની ટીમ લઈ ધૂનમાં પધાર્યા હતા. ૨૫૦ થી વધારે સંત-હરિભક્તોએ ૫૦ કલાકથી વધારે સતત ધૂનમાં બેસી ભજન કર્યું હતું. ધૂન મહોત્સવમાં વિવિધ પ્રકારની સેવામાં જોડાયેલા તમામ સંતો-હરિભક્તો, સ્વયં સેવકો, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, સંગીત, તબલા વાદક વગેરે તમામ સેવા કરનારનું શ્રીહરિ ખૂબ રૂડું કરે અને તેઓ આપણા આગામી મહોત્સવ સમૈયોમાં પણ આથી વિશેષ સેવા કરે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**તા. ૧૫-૦૮-૨૦૨૫ થી તા. ૨૪-૦૮-૨૦૨૫ પર્યન્ત અખંડ ધૂનના મુખ્ય યજમાનશ્રીઓ**

અખંડ ધૂનના મુખ્ય યજમાનશ્રી : ભગવાન શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે - એક હરિભક્ત

અખંડ ધૂનના સહ યજમાનશ્રી : પ.ભ. કિશોરભાઈ ઝવેરભાઈ ફિણવીયા - હ. હર્ષિલ અને વાસુદેવ, ન્યુ નિકોલ - અમદાવાદ

**પ્રથમ દિવસની ધૂનના ભોજન પ્રસાદના યજમાનશ્રી** : અ.નિ. નર્મદાબેન વસંતભાઈ ટાંક - હ. પ.ભ. રસિકભાઈ વસંતભાઈ ટાંક ,

**બીજા દિવસની ધૂનના ભોજન પ્રસાદ તથા નાસ્તાના યજમાનશ્રી** : પ.ભ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ - સેડલાવાળા પરિવાર તથા પ.ભ. પરસોતમભાઈ ત્રિભોવનદાસ પટેલ ભાઉપુરાવાળા - પરિવાર.

**ત્રીજા દિવસની ધૂનના ભોજન પ્રસાદના યજમાનશ્રી** : પ.ભ. કોકિલાબેન વિષ્ણુભાઈ પટેલ - બિલાસીયાવાળા - હ. શીતલબેન ધવલભાઈ પટેલ.

**ચોથા દિવસની ધૂનના ભોજન પ્રસાદના યજમાનશ્રી** : પ.ભ. વાસુદેવભાઈ રામચંદ્રભાઈ પટેલ - ચાંદખેડાગામ.

**પાંચમા દિવસની ધૂનના ભોજન પ્રસાદ તથા નાસ્તાના યજમાનશ્રી** : અ.નિ. સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી - હ. શ્રી નરનારાયણદેવ પૂજારી મંડળના હેત રુચિવાળા હરિભક્તો તરફથી.

**છઠ્ઠા દિવસની ધૂનના ભોજન પ્રસાદ તથા નાસ્તાના યજમાનશ્રી** : અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી - હ. શિષ્ય મંડળના હરિભક્તો તરફથી સેકટર-૨૩ ગાંધીનગર.

**સાતમા દિવસની ધૂનના ભોજન પ્રસાદ તથા નાસ્તાના યજમાનશ્રી** : પ.ભ. શ્રી કાંતિભાઈ કેવળદાસ પટેલ (કાર્પેટવાળા) - હ. કલ્પેશભાઈ પટેલ.

**આઠમા દિવસની ધૂનના ભોજન પ્રસાદના યજમાનશ્રી** : પ.ભ. પર્વ ચિરાયુ પ્રવિણભાઈ દેવાણી - હ. અ.સૌ. મિતલ ચિરાયુ દેવાણી.

**નવમા દિવસની ધૂનના ભોજન પ્રસાદ તથા નાસ્તાના યજમાનશ્રી** : હરિૐ પરિવાર - સરસપુર - અ.નિ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર - હ. હરેશભાઈ, શૈલેષભાઈ, રૂદ્રભાઈ, બીનાબેન, દીપીકાબેન, રિધ્ધિ.

**શુભેચ્છક યજમાનશ્રી** : અ.નિ.પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈના સ્મરણાર્થે - હ. ખીચડીયા પરિવાર.

**ધૂનના નાસ્તાના યજમાનશ્રી** : પ.ભ. નાગરભાઈ ઈશ્વરભાઈ પટેલ (મારુસણાવાળા) (પ્રથમ દિવસના નાસ્તાના યજમાન), પ.ભ. ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ - કડીવાળા (ત્રીજા દિવસના નાસ્તાના યજમાન), અ.નિ.પ.ભ. બાલજીભાઈ ચંદુલાલ પટેલ - હ. રાજુભાઈ તથા સંજયભાઈ તથા કીરીટભાઈ (કોટેશ્વર) (ચોથા દિવસના નાસ્તાના યજમાન), અ.નિ.પ.ભ. પ્રતાપસિંહ ભરતસિંહ ઝાલા (સમલાવાળા) - હ. શ્યામભાઈ તથા રામભાઈ (આઠમાં દિવસના નાસ્તાના યજમાન).

**સાઉન્ડના યજમાનશ્રી** : અ.નિ. મીનાબેન દશરથભાઈ પટેલ - હ. ધ્યાન અને સખી (ચાંદખેડા)

ધૂનનું લાઈવ પ્રસારણ સતત ૨૧૨ કલાક કાલુપુર મંદિરની યુ-ટ્યુબ ચેનલ પર અને શિક્ષા ચેનલ ઉપર પણ સતત પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી થયું હતું. 'શિક્ષા' ચેલનને ખૂબ ખૂબ ધન્યવાદ. ધૂનમાં આવનાર તમામ હરિભક્તો માટે ચા-કોફી-દૂધ-નાસ્તો અને ભોજન-પ્રસાદની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી.

અન્ય સેવામાં રોકડ, અનાજ, શાકભાજી, દૂધ, પાણીની બોટલ, મુખવાસ, આઈસ્ક્રીમ આદિ સેવા કરનાર : પ.ભ. સંજયભાઈ આર. સોની, પ.ભ. વિનોદભાઈ પટેલ (મણીપુરા), પ.ભ. ભરતભાઈ (સહજાનંદ ટ્રાવેલ્સ), બદપુરા ગામ સમસ્ત, પ.ભ. ગાંડાભાઈ પટેલ (ગુલાબપુરા), પ.ભ. પ્રદિપાબેન નારણભાઈ પટેલ, પ.ભ. અરૂણાબેન પોપટભાઈ પટેલ, પ.ભ. જીગ્નેશભાઈ રશ્મિકાંત ભાવસાર, પ.ભ. કલ્પિત બકાભાઈ ગજ્જર (કલોલ), પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (મેડા), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે, પ.ભ. દિગ્નેશભાઈ પટેલ

(રાંદેસણ), પ.ભ. વાલજીભાઈ કરશનભાઈ હીરાણી (આફ્રિકા), પ.ભ. કાંતિભાઈ ખીમજીભાઈ પટેલ (બોલ્ટન), પ.ભ. અમૃતભાઈ એસ. પટેલ (અમદાવાદ) - હ. મનોજભાઈ, પ.ભ. અરવિંદભાઈ દોંગા (અમદાવાદ), પ.ભ. અંબાલાલભાઈ પટેલ (ગવાડા), પ.ભ. શૈલેષભાઈ પટેલ (મોખાસણ). આદિ નામી અનામી અનેક હરિભક્તોએ નાની-મોટી સેવા કરી હતી તે સૌને ખૂબ ખૂબ ધન્યવાદ છે.

આવી અલૌકિક ૨૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અને ધર્મકૂળની નિશ્રામાં થઈ તેમાં જે જે ભક્તો, બાળકો, યુવાનો, વૃધ્ધો, બહેનો, સાંખ્યયોગી માતાઓ, બાલિકાઓ. આદિ સૌનું ભગવાન શ્રી નરનારાયણદેવ મંગળ અને રૂડું કરો.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી સવાર અને સાંજ બન્ને સમય મંદિર ધૂનમાં પધારતા હતા અને સમગ્ર બહેનોને પ્રોત્સાહિત કરતા હતા.

સતત ૧૦ દિવસ સુધી ખડેપગે સેવામાં શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કોઠારી), સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી, બાલુ સ્વામી, ભંડારી સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળ તથા હરિભક્તોમાં ટ્રસ્ટીશ્રી રમેશભાઈ કોઠારી, પ.ભ. પૂરવભાઈ પટેલ, પ.ભ. રણજીતસિંહ દરબાર, પ.ભ. હર્ષદભાઈ, પંકજભાઈ ભાવસાર આદિ નામી અનામી ઘણા સંત-હરિભક્તોએ સેવા કરી હતી. તેમના ઉપર શ્રી નરનારાયણદેવની કૃપા અને ધર્મકુળનો રાજીપો પ્રાપ્ત થાય તેવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**તા. ૧૫-૮-૨૦૨૫ થી તા. ૨૪-૮-૨૦૨૫ દરમ્યાન શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદ, મૂળી, ભૂજ-કચ્છના સંતો હરિભક્તોએ ધૂન કરી હતી તેની યાદી**

**તા. ૧૫-૮-૨૦૨૫ શુક્રવારના રોજ :** જડેશ્વરપાર્ક, મહાદેવનગર, રામોલ, જામફળવાડી, વસ્ત્રાલ, નિરાત ચોકડી, ન્યુ નિકોલ, નિકોલ, નરોડા આદિશ્વરનગર, સાદરા વાસણાદેશ, કર્મશક્તિપાર્ક, ઝુંડાલ, જમીયતપુરા, ઈસંડ, અડાલજ.

**તા. ૧૬-૮-૨૦૨૫ શનિવારના રોજ :** ન્યુ રાણીપ, રાણીપ, લુણાવાડા દેશ, બાપુનગર, એપ્રોચ, વિરાટનગર, હર્ષદ કોલોની, સૈજપુર બોઘા, સરસપુર, ઘાટલોડીયા, શીલજ, સાયન્સ સીટી, થલતેજ, બોડકદેવ, આર.સી. ટેકનિકલ, ગોતા વંદેમાતરમ્, ગોતાગામ, વૈષ્ણોદેવી, શાંતિગ્રામ (અદાણી), કાંકરિયા, ઘોડાસર, ગોમતીપુર, અમરાઈવાડી, ખોખરા, રાત્રી પ્રોગ્રામમાં પ.ભ. પૂરવ પટેલ અને સાથી મિત્રોએ, જન્માષ્ટમી ઉત્સવ.

**તા. ૧૭-૮-૨૦૨૫ રવિવારના રોજ :** કાલુપુર કોટ વિસ્તાર, ન.ના.દેવ સત્સંગ મંડળ, ઓચ્છવ મંડળ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, અમદાવાદ શહેર, ન્યુ નિકોલ, નિકોલ, જીવરાજપાર્ક, અંજલી મંદિર, , ધમાસણા, ઓળા, રામનગર (કલોલ), , મોટેરા, કાળીગામ, સાબરમતી, કોટેશ્વર, જનતાનગર, ચાંદખેડા,, ટી.પી. ૪૪, સુઘડ, સાબરકાંઠા, ઈડર દેશ.

**તા. ૧૮-૮-૨૦૨૫ સોમવારના રોજ :** ઈડર દેશ, સાબરકાંઠા, નારણઘાટ, નાના ચિલોડા, બાવળા, ભાયલા, નળકંઠો દેશ, કટોસણ, મારૂસણા દેશ, ડાંગરવા-ડાભી, ડાંગરવા-તળપદ, વેડા, ગોવિંદપુરા, કરજીસણ, ટાંકિયા, વણઝર, બોપલ, ભાત, કાશીંદ્રા, પાલડી (ગામ), બનાસકાંઠા દેશ , દિયોદર, ભાભર, ડીસા, થરા, હારિજ, ઉચપા તથા ભાલજા મંડળના હરિભક્તો.

**તા. ૧૯-૮-૨૦૨૫ મંગળવારના રોજ :** સંતરામપુર દેશ, આંતરોલી દેશ, નારણપુરા, ગાંધીનગર સે-૨, રાયસણ, કુડાસણ, રાંદેસણ, પી.ડી.પી.યુ., કણભા દેશ, કપડવંજ, બાલાસિનોર દેશ, કડી મંદિર, કડી અનમોલ વિલા, મેમનગર, ખાખરીયા દેશ.

**તા. ૨૦-૮-૨૦૨૫ બુધવારના રોજ :** ખાખરીયા, મેમનગર, મંગળા આરતી ગૃપ, ફુલમંડળી ગૃપ કાલુપુર, કલોલ પંચવટી દેશ, ગંજીવાસ, ઝુલાસણ, ભગવાનપુરા, પલસાણા, શ્રેયસ, બોરીસણા, વડુ, કરજીસણ, આણંદપુરા, ભવપુરા, ખોરજ, કાંઠો વિસ્તાર, વિજાપુર, વજાપુર, જેપુર, હાથીપુરા, શાકાપુર, રણછોડપુરા, ભીમપુરા, સંતપુરા, ફલુ, ટ્રેન્ટ, સીતાપુર દેશ, વિરમગામ દેશ, નાના ઉભડા, પોર-વાવોલ દેશ, પોર, વાવોલ, અંબાપુર, ઉવારસદ, મહેસાણા દેશ.

**તા. ૨૧-૮-૨૦૨૫ ગુરુવારના રોજ :** રાજસ્થાન, , મારવાડી, રાજસ્થાન, મારવાડી, ખાણ, શિરોહી, નવાવાડજ, ધોળકા દેશ, સિધ્ધપુર દેશ, ઉંઝા બ્રાહ્મણ શેરી,







પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં અમદાવાદ મંદિરમાં તથા નારણઘાટ મંદિરમાં જલઝીલણી ઉત્સવ







અમદાવાદ મંદિરમાં
ગણેશ ચતુર્થી ઉત્સવ



અમદાવાદ મંદિરમાં પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે સંત મહાદીક્ષા



પૂનમના દિને અમદાવાદ મંદિરમાં પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે પર્યાવરણના ભાગરૂપે લીમડાના વૃક્ષનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું

સમૈયો ના ઉપલક્ષમાં

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન

૨૧૨ કલાક

તા.૧૫-૮-૨૦૨૫ થી ૨૪-૮-૨૦૨૫

દિવસ ૧



દિવસ ૨

સમૈયા ના ઉપલક્ષમાં

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન

૨૧૨ કલાક

તા.૧૫-૮-૨૦૨૫ થી ૨૪-૮-૨૦૨૫

દિવસ 3



દિવસ ૪

દિવસ ૫

સમૈયો ના ઉપલક્ષમાં

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર

૨૧૨ કલાક

# અખંડ ધૂન

તા.૧૫-૮-૨૦૨૫ થી ૨૪-૮-૨૦૨૫



દિવસ ૬

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર

# અખંડ ધૂન

૨૧૨ કલાક

તા.૧૫-૮-૨૦૨૫ થી ૨૪-૮-૨૦૨૫

દિવસ ૭



દિવસ ૮

समैयो
ना उपलक्षमां

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા
# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર
૨૧૨ કલાક
# અખંડ ધૂન
તા.૧૫-૮-૨૦૨૫ થી ૨૪-૮-૨૦૨૫

दिवस ९



दिवस १०

સમૈયા
ના ઉપલક્ષમાં

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન

૨૧૨ કલાક

તા.૧૫-૮-૨૦૨૫ થી ૨૪-૮-૨૦૨૫

અખંડ ધૂન પ્રસાદ












અખંડ ધૂન પ્રસાદ



છપૈયા મંદિરમાં ઠાકોરજી સમક્ષ સોપારી-નાડાછડીના  હિંડોળા દર્શન



વડનગર મંદિરમાં શ્રી ગણપતિજીના વરઘોડાના દર્શન



ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ મંદિરમાં ત્યાંના વડાપ્રધાન પધાર્યા ત્યારે ડો.કાંતિભાઈ પટેલ તથા તેમના ધર્મપત્નિ સાથે



બિલોદરા મંદિરમાં સમૈયાના ઉપલક્ષમાં સત્સંગ સભા



સમૈયાના ઉપલક્ષમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં ઔપચારિક મિટિંગ



નવા વાડજ મંદિરમાં સમૈયાના ઉપલક્ષમાં હરિભક્તો દ્વારા બનાવાયેલ શિક્ષાપત્રી નિહાળતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી



સમૈયાના ઉપલક્ષમાં ''પ્રસાદમ''દ્વારા કોટેશ્વર ગુરૂકુળમાં ચાલતી પ્રવૃત્તિ



સમૈયાના ઉપલક્ષમાં અંબાજી પદયાત્રીઓ માટે ભોજન કેમ્પને ખુલ્લો મુકતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી તથા સંતો

ઉંઝા પંચવટી,, ચાણસ્મા, પાટણ, જસલપુર, મંડલોપ, પ્રાંતિજ દેશ, કુંડાળ-રાજપુર દેશ, બિલોદરા, વ્યાસ પાલડી, આજોલ, ચરાડા, રિદ્રોલ.

**તા. ૨૨-૮-૨૦૨૫ શુક્રવારના રોજ :** મોતીપુરા, આનંદપુરા, ગવાડા, ગેરીતા, દેલવાડા, પિલવાઈ, વિસનગર (સોસાયટી વિસ્તાર), વાલમ, વિહાર, કુકરવાડા, રામનગર, વડનગર, ભુજ મંદિર, મહાદેવનગર, નિરાત ચોકડી, માણેકપુર (ચૌધરી), મકામાડ, ભીમપુરા, મુબારકપુરા, પીપળજ.

**તા. ૨૩-૮-૨૦૨૫ શનિવારના રોજ :** બદપુરા, ઈશ્વરપુરા, , વરસોડા, ગુનમા, કલ્યાણપુરા, હિંમતપુરા (લાકરોડા), બાલવા, માણેકપુર (ઘનશ્યામનગર), રામપુરા, પ્રતાપપુરા, આમજા, સુરત હાલાર દેશ શ્રી ન.ના.દેવ યુવક મંડળ તેમજ સમસ્ત સત્સંગ મંડળ સુરત, રાજકોટ (હાલાર દેશ), મૂળી દેશ, લીંબડી - ભાલ, મૂળી દેશ, હળવદ, મચ્છુકાંઠો, સુરેન્દ્રનગર, મૂળી - ચોવીસી, મેથાણ-ધ્રાંગધ્રા, માણસા, ઈટાદરા, ગુલાબપુરા, ચાંદીસણા, વાગોસણા, સરઢવ, મોખાસણ, તા. ૨૩-૮-૨૦૨૫ સવારે ૯ થી ૧૨, બપોરે ૧૨ થી ૩, બપોરે ૩ થી ૬, સાંજે ૬ થી ૯, સવારે ૯ થી રાત્રે ૯ વાગ્યા સુધી ભક્તિનંદન સ્વામી (હળવદ), લીંબડી-ભાલ, મેથાણ, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર, મૂળી ચોવીસીના હજારો હરિભક્તોએ ધૂનમાં રમઝટ બોલાવી હતી.

મૂળી પ્રદેશના સંતોમાં આત્મપ્રકાશ સ્વામી, લીંબડી મહંત પ્રેમવલ્લભ સ્વામી, મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના પૂજારી સેવાવત્સલ સ્વામી, ચરાડવા મહંત સ્વામી દિવ્યપ્રકાશ સ્વામી, મોરબી મહંત પ્રેમસ્વરૂપ સ્વામી, ધ્રાંગધ્રા જેમાં મૂળી મહંત સ્વામી, સુરેન્દ્રનગર સ્વામી નિત્યપ્રકાશ સ્વામી, શા. સત્સંગસાગર સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

**તા. ૨૪-૮-૨૦૨૫ રવિવારના રોજ :** સોલૈયા, સમૌ, વસઈ, સોજા, નારદીપુર, બાપુપુરા, મોટી આદરજ, સાલડી, લાંધણજ, મેઉ, ગોજારીયા. પૂ સંતો, પૂરવ પટેલ, જયેશ સોની, ઓમ સોની, નિશાદ સોની વગેરે.

**શ્રી નરનારાયણદેવ દેશના આગામી ઉત્સવ**

આસો સદ-૨ તા. ૨૩-૯-૨૦૨૫ મંગળવાર અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ગાદી પટ્ટાભિષેક (સં. ૨૦૬૦ અમદાવાદ)

આસો સુદ-૧૦ તા. ૨-૧૦-૨૦૨૫ ગુરુવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૫૩ મો પ્રાકટ્યોત્સવ.

આસો સુદ-૧૧ તા. ૩-૧૦-૨૦૨૫ શુક્રવાર પાંશાંકુશા એકાદશી ઉપવાસ.

આસો સુદ-૧૪ તા. ૬-૧૦-૨૦૨૫ સોમવાર શરદ પૂર્ણિમા શરદોત્સવ.

આસો સુદ-૧૫/1 તા. ૭-૧૦-૨૦૨૫ મંગળવાર મુકુટોત્સવ પુનમ, એકમનો ક્ષય છે.

આસો વદ-૨ તા. ૮-૧૦-૨૦૨૫ બુધવાર બાવળા મંદિર પાટોત્સવ.

આસો વદ-૩ તા. ૯-૧૦-૨૦૨૫ ગુરુવાર પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત શ્રી વીર હનુમાનજી મહારાજનો શતામૃત પાટોત્સવ અસારવા સ્વા. ગુરુકુળ.

આસો વદ-૧૧ તા. ૧૭-૧૦-૨૦૨૫ શુક્રવાર રમા એકાદશી ઉપવાસ.

## અમદાવાદ મંદિર દ્વારા હરિમંદિરો માટે શુધ્ધ અને પવિત્રતાથી બનાવેલ અન્નકૂટ

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના તમામ હરિમંદિરોના કોઠારીશ્રી ને જણાવતા આનંદ થાય છે કે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી નૂતન વર્ષના ઠાકોરજીનો અન્નકૂટ આપણા કાલુપુર મંદિર દ્વારા પૂ. મહંત સ્વામી અને સંતોની દેખરેખ હેઠળ શુધ્ધ પવિત્રપણે બનાવવામાં આવે છે. જેથી આપણા નાના મોટા હરિમંદિરના કોઠારીશ્રીએ પોતાના હરિમંદિર માટે અન્નકૂટ બનાવવાનો હોય તેમણે દિવાળી પહેલા પોતાના મંદિરની જરૂરિયાત મુજબ ઓર્ડર નોંધાવી પૈસા જમા કરાવી પાવતી મેળવી લેવી.

સંપર્ક : કાલુપુર મંદિર કોઠાર ઓફિસ

કોઠારી બાલુ સ્વામી : ૯૪૨૭૦૭૦૩૭૧ ● સુરેશભાઈ : ૯૧૭૩૦૮૯૦૩૦

## ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) આપણા મંદિરમાં ન્યુઝીલેન્ડના વડાપ્રધાન દર્શને પધાર્યા

આપણા ઓકલેન્ડ (આઈ.એસ.એસ.ઓ.) ન્યુઝીલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૩ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ આપણા પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલના ધર્મપત્નિ ડૉ. રંજના પટેલની **"ડેમ કમ્પેનિયન ઓફ ધ ન્યુઝીલેન્ડ ઓર્ડર ઓફમેરિટ"** તરીકે નિમણુંકની ઉજવણી પ્રસંગે ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફરલકસન, એથનિક કોમ્યુનિટી મંત્રી માર્કમિરોલ, ઓકલેન્ડમાં ભારતના કોન્સ્યુલ જનરલ ડૉ. મદન મોહન શેઠી, તથા પાલીસવડા અને સ્થાનિક સંસદ સભ્યો, ઉચ્ચ અધિકારીઓ વગેરે ૫૦૦ જેટલા ખાસ મહેમાનોએ ઉપસ્થિત રહી મંદિરમાં ભગવાન શ્રીહરિના દર્શન કરીને આપણા ડૉક્ટર સાહેબ અને રંજનાબેન પટેલ દ્વારા બનાવવામાં આવેલ કરોડો ડોલરની મંદિરનાજ સંકુલમાં બનાવેલ, સુવિધાઓ, લગ્ન પ્રસંગ હોલ, પરિષદ, સાંસ્કૃતિક પ્રદર્શન, પુરસ્કાર સમારોહ આદિ ધાર્મિક અને સામાજિક પ્રવૃતિ જ્યાં થાય છે તે જોઈને વડાપ્રધાનશ્રી અને તેમની ટીમે ખૂબજ આભારની લાગણી અનુભવી હતી.

વડાપ્રધાનશ્રી, આમંત્રિત મંત્રીઓ, અધિકારીઓ પોલીસ વડા આદિ સૌ ડૉ. કાંતિભાઈ અને રંજનાબેનની દેશ માટે તેમના અનેક પ્રજાલક્ષી, આરોગ્યલક્ષી, ઘરેલું હિંસામાં ખૂબજ મદદરૂપ થવું વગેરે અનેક સુંદર સેવા કાર્યોને બિરદાવી તેમને અનેકાનેક ધન્યવાદ પાઠવ્યા હતા.

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

**BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE**

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
VASTRAPUR BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000V135
MICR CODE : 380 019 019

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

## દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે :** આસો વદ-૮ ને મંગળવાર તા. ૧૪-૧૦-૨૦૨૫ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

આસો વદ-૯ બુધવાર તા. ૧૫-૧૦-૨૦૨૫ સવારે ૧૧-૫૯ પછી પુષ્ય નક્ષત્ર છે. ચોપડાનો ઓર્ડર આપી શકાય. વસ્તુ ખરીદવા પણ સારું મુહૂર્ત છે.

**ધનતેરશ :** આસો વદ-૧૨ શનિવાર તા. ૧૮-૧૦-૨૦૨૫ ધનતેરશ, મહાલક્ષ્મી પૂજન.

**કાળી ચૌદશ :** આસો વદ-૧૩ રવિવાર તા. ૧૯-૧૦-૨૦૨૫ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-આરતી સાંજે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

આસો વદ-૧૪ સોમવાર તા. ૨૦-૧૦-૨૦૨૫ કાલુપુર મંદિરમાં સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**દીપોત્સવ :** આસો સુદ-૩૦ મંગળવાર તા. ૨૧-૧૦-૨૦૨૫.

**નૂતનવર્ષ :** વિ.સં. ૨૦૮૨ કારતક સુદ-૧ બુધવાર તા. ૨૨-૧૦-૨૦૨૫.

**અન્નકૂટ દર્શન : સવારે : ૧૦-૦૦ થી 3-30 સુધી**

**મંગળા આરતી : સવારે : ૫-૦૦ કલાકે**
**શણગાર આરતી : સવારે : ૬-૩૦ કલાકે**
**ગોવર્ધન પૂજા : સવારે : ૮-૦૦ કલાકે**
**રાજભોગ આરતી : સવારે : ૧૦-૧૦ કલાકે**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૫૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ


# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી**
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન**
**દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.**

ભાદરવા સુદ - ૪ ગણેશ ચતુર્થી ના દિવસે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર વર્ષની જેમ શ્રી ગણપતિજી નું પૂજન આરતી કરવામાં આવ્યું હતું. જેમાં અનેક હરિભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રખાયેલ આ બન્ને મૂર્તિ શ્રીજી મહારાજની પ્રસાદીની છે. ડાબી બાજુની મૂર્તિ





કાલુપુર મંદિરમાં શ્રી નરનારાયણદેવના ગર્ભગૃહમાં સ્થાપિત કરાયેલ અને તેને શ્રીહરિએ સ્વયં પૂજેલ છે. તથા જમણી તરફની મૂર્તિ શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા સમયે પ્રતિષ્ઠા વિધિમાં રાખવામાં આવેલ જેની પૂજા પણ શ્રીજી મહારાજે સ્વયં કરી છે. આવી અલૌકિક મૂર્તિઓના દર્શન આપણા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં થાય છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી ઓગસ્ટ-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૦૩-૦૮-૨૦૨૫ | શ્રી નરનારાયણદેવ સત્સંગ સમાજ - વડુ - હ. જયંતિભાઈ પટેલ. |
| તા. ૧૦-૦૮-૨૦૨૫ | પ.ભ. તેજસભાઈ હસમુખભાઈ સોની - નારણપુરા. |
| તા. ૧૪-૦૮-૨૦૨૫ | પ.ભ. મનહરભાઈ ગોપાલજી ચાવડા - જીવરાજપાર્ક. |
| તા. ૧૫-૦૮-૨૦૨૫ | પ.ભ. દિપકકુમાર ચિમનલાલ પટેલ પરિવાર - કોબા-ગાંધીનગર. |
| તા. ૧૬-૦૮-૨૦૨૫ | (સવારે) શ્રી નરનારાયણ સત્સંગ સમાજ - હિંમતનગર - હ. ભાવેશ પટેલ |
| તા. ૧૬-૦૮-૨૦૨૫ | (૧૧ કલાકે) શ્રી સ્વામિનારાયણ મંદિર - હિંમતનગર - પ્રેરક મહંત સ્વામી સદ્‌ગુણદાસજી |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી ઓગસ્ટ-૨૦૨૫

| | |
|---|---|
| રૂા. ૧,૧૦,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર એલ્ડોરેટ - કેન્યા - હરિભક્તો સમસ્ત કેન્યા. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ‘‘સાચો આનંદ જોઈતો હોય તો બીજાને સુખ આપો’’**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે આપણો ૯૦% સમય જગતને આપીએ છીએ. ને ૧૦% સમય ભગવાનને આપીએ છીએ. અર્થાત્ આપણા આધ્યાત્મિક કલ્યાણ માટે આપીએ છીએ. **ભગવાનને તો કાંઈ જોઈતું જ નથી. ભગવાન કોઈ પણ સ્વાર્થ વગર અકારણ આપણા ઉપર ‘કૃપા’ કરે છે. અતિશય ‘કરૂણા’ કરે છે.** આ જગતમાં સ્વાર્થ વગર કોઈ કાંઈ કરતું નથી. કોઈપણ કાર્ય કરે તો માણસ પહેલા વિચારે છે કે **આમાં મારું શું ? નહિ તો મારે શું ?** કાંઈક તો સ્વાર્થ માણસને હોય જ છે. દાન કરતા હોય છે તો પણ એટલો સ્વાર્થ તો હશે કે મને પુણ્ય મળશે. અથવા તો ‘કીર્તિ’ મળશે, ‘યશ’ મળશે. ‘માન’ મળશે એવું પણ હોય છે કે મૃત્યુ નજીક આવશે તો કાંઈક ફળ મળશે. એમ ઉંડે ઉંડે કાંઈક સ્વાર્થ હોય છે અને એ સ્વાર્થની પૂર્તિ થાય છે, ત્યારે આનંદ પ્રાપ્ત થાય છે. એ આનંદને ‘જીવ’ પોતાનું લક્ષ્ય માની લે છે. છતાં પણ જોઈએ એવી તૃપ્તિ જીવને થતી નથી. કેમ કે **સાચો આનંદ આ જગતમાં છે જ નહિ. આ જગત આપણા માટે વિનાશી છે. વિચારીએ તો ખબર પડે કે વિનાશી વસ્તુમાંથી ‘અવિનાશી’ સુખ કેવી રીતે મળે ? ‘અવિનાશી સુખ મેળવવું હોય તો અવિનાશીને મળવુ પડે.’ આપણું સાચું સ્વરૂપ એ છે કે આપણે પરમાત્માના ‘અંશ’ છીએ. ને પરમાત્મા ‘અંશી’ છે. એ ‘અંશી’ જોડે આપણે ભેગા થઈશું ત્યારે પૂર્ણતા પ્રાપ્ત થશે.** આનંદ પ્રાપ્ત કરવો એ માણસનો સ્વભાવ છે. એમાં કાંઈ ખોટું નથી. પણ સાચો આનંદ આપણે જગતમાં શોધવા જઈએ છીએ એટલે ક્યાયં પણ તૃપ્તિ થતી નથી. આપણે કોઈ અન્ય સ્થળે રોકાવા જઈએ બે-ચાર દિવસ કે પંદર દિવસ કે મહિનો પછી આપણને ઘેર જવાની ઉતાવળ થાય છે. આપણે આપણા ઘેર આવીએ ત્યારે આપણને ‘હાશ’. થાય છે. ગમે તેવી સારી જગ્યાએ ગયા હોઈએ તો પણ આપણા ઘરની યાદ આવે છે. **આ જગતના ઘર પછી આપણું સાચું ઘર ભગવાનનું છે. આત્માને પરમાત્માનું મિલન એ જ આપણું સાચું લક્ષ્ય છે.** આપણને બધાને હવે તેની યાદ આવે છે, માટે અહિંયા સત્સંગમાં ભેગા થઈએ છીએ અને હવે ઉતાવળ કરવી પડે જલ્દી જવું છે. એવું થાય છે. કેમ કે **ચોર્યાસી લાખ ફરીને આવ્યા છીએ.** ક્યારેક એવું પણ થાય છે કે ભગવાને આટલી બધી કરુણા કરી છે તો સજા કેમ કરે છે. તો સજા કરવી પડે. જો સજા ન કરે તો જીવ સ્વછંદી થઈ જાય. આપણને ઘણીવાર એવી સજા મળે તો થઈ જાય છે કે ભગવાન ‘દયાનિધિ’ છે. ‘કરુણાસાગર’ છે. ‘કૃપાનિધાન’ છે. તો મારી જે ભૂલ છે, તેને ‘ક્ષમા’ કેમ નથી કરતા, તો આ જગતમાં પણ એવી વ્યવસ્થા છે કે અપરાધ કરે તેને સજા થાય છે. ન્યાય માટે વકીલ, ન્યાયાધીશ, કોર્ટ બધુ હોય છે. જો સજા કરવામાં ન આવે તો આ જગતની વ્યવસ્થા ન જળવાય, માણસને ગુનો કરતા બીક ના લાગે, માણસો મન ફાવે તેમ જીવવા લાગે, સ્વચ્છંદી થઈ જાય, માટે આ લોકમાં પણ અપરાધીને સજા થાય છે. **ભગવાન પણ એટલા માટે સજા કરે છે કે જીવ સ્વચ્છંદી બનીને ભટકી ના જાય.** આપણે ઘરથી બહાર ગયા હોઈએ તો માતા-પિતાને ચિંતા હોય છે. મનમાં એક જ ઈચ્છા હોય છે કે મારા સંતાન સહી-સલામત ઘેર આવી જાય. એમને ક્યાંય તકલીફ ના પડે. એમનાથી કાંઈ ઉંધું કાર્ય ના થઈ જાય. અને એના માટે માતા-પિતા બધી વ્યવસ્થા કરતા હોય છે. બધુ શીખવાડતા હોય છે. અને અપરાધની સજા પણ કરે છે. એવી રીતે ભગવાન છે એ આપણા માતા-પિતા છે. ભગવાનને પણ એવું થાય છે કે મારા સંતાન (જીવ) જગતમાં ભટક્યા વગર મારી પાસે આવી જાય. **માટે ભગવાન પણ આપણને આ સત્સંગમાં બધું શીખવાડે છે. અને અપરાધની સજા પણ કરે છે.** ક્યારેય એવું થાય છે કે આપણે દર્શન કરીએ છીએ ત્યારે આપણને આપણા ખોટા કર્મોની યાદ આવી જાય છે. જ્યારે એવું થાય ત્યારે વિચલિત નહિ થવાનું. ત્યારે ભગવાનની કૃપા, દયા સમજવાની. કેમ કે મહારાજ આપણી ભૂલો યાદ કરાવીને આપણને સુધરવાની તક આપે છે. મહારાજ દયા કરીને તમને તમારા દોષો બતાવે છે. અને સંકેત આપે છે કે આ ખોટું છે. એને સુધારી લો. એ ત્યારે થાય છે જ્યારે અંતઃકરણ શુધ્ધ હોય છે. ત્યારે આપણું મન શુધ્ધ રાખી ભગવાન સાથે જોડાઈને રહેવાનું. જો આપણે કથા-કીર્તન-જ્ઞાન કાંઈ પણ ગ્રહણ કરીએ ત્યારે આપણું અંતઃકરણ શુધ્ધ હોવું જોઈએ. તો જ તે આપણા જીવનમાં ઉપયોગી બનશે. દા.ત. આપણે પાત્રમાં દૂધ ભરવું હોય

તો તે પાત્ર ચોખ્ખું હોવું જોઈએ. નહિ તો એ દૂધ બગડી જશે. ઉપયોગમાં નહિ આવે. એવી રીતે આપણું અંતઃકરણ શુધ્ધ નહિ હોય તો ગમે તેટલું જ્ઞાન ગ્રહણ કરશું એ ઉપયોગી નહિ થાય. અને સાચા આનંદની તૃપ્તિ આપણે જોઈતી હોય તો આ જગતમાં બીજી પણ એક વસ્તુ કરવા જેવી છે શું ? **'નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાની'**. આપણે માતા-પિતા પાસેથી જેમ સંસ્કાર શીખીએ છીએ ને એવી રીતે ભગવાન પાસેથી એક વસ્તુ શીખી લેવાની કે **'અકારણ કૃપા કરવી' 'નિઃસ્વાર્થ ભાવે કરુણા કરવી' એ ભગવાનનો સ્વભાવ છે. માટે આપણે પણ નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાની. બસ એક જ ભાવના રાખવાની કે હું બીજાને મદદરૂપ થાઉં. એક એક માણસ આ જગતમાં ભગવાનના અંશ છે.** બધાની મદદ કરવી. જેમ આપણા શરીરના જુદાં જુદાં અંગો છે. આપણે જોઈએ તો પગ ક્યારેય એવું કહે છે કે મારુ કામ ચાલવાનું છે તો હું શા માટે આ શરીરનો ભાર ઉપાડું ? આપણે હાથથી વસ્તુ પકડીએ છીએ તો પહેલા નેત્રથી જોઈએ છીએ, તો હાથ એમ કહે છે કે એ તો નેત્ર એ જોયું છે. માટે તેનું કામ છે. હું કેમ ઉપાડુ ? કોઈ આપણને પ્રશ્ન પૂછે તો આપણો પહેલા કાન વડે સાંભળીએ છીએ તો મોઢું એમ કહે છે કે એ તો કાને સાંભળ્યું છે તો હું કેમ જવાબ આપું ? શરીરના જુદાં જુદાં અંગો છે એ બધા હળીમળીને કામ કરે છે. એકબીજાને મદદરૂપ થાય છે. તો આ બધા માણસો છે. એ પણ સમાજના જુદાં જુદાં અંગો છે. માટે **સામેવાળા સુખી થાય એવું નિઃસ્વાર્થભાવે કોઈપણ જાતની 'અપેક્ષા' વગર કરો અને પછી જે સુખ મળશે એમાં બહુ જ આનંદ આવશે.** તમારા સુખની કામના ભૂલી જાવ તો પોતાના દુઃખ દૂર કરવા માટેના પ્રયત્નો આપોઆપ ઓછા કરવા પડશે. **'સાચો આનંદ જોઈતો હોય તો બીજાને સુખ આપો.' તમે સત્સંગમાં આવો છો તો તમને એવી અસર તો થવાની જ છે. દા.ત. જો ઝેર જાતે પીવો કે બીજા પરાણે પીવડાવે, એની અસર તો થવાની જ છે. એવી રીતે તમે હાજરી પુરાવવા માટે આવતા હોય કે બીજાને મળવા માટે આવતા હોય કે તમારી પ્રગતિ માટે આવતા હોય જે રીતે આવો એ રીતે પણ સત્સંગમાં આવો છો એટલે એની અસર તો થવાની જ છે.**

●

**લક્ષ્મણઝૂલા**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

વર્ણીરાજ આગળ ચાલતાં બદ્રીનાથના પ્રવેશદ્વાર સમાન લક્ષ્મણઝૂલામાં આવી રહ્યા છે. ત્યાં લક્ષ્મણઝૂલામાં એક ગોખ છે. એમાં લક્ષ્મણજીની મૂર્તિ છે. તેમણે મૂર્તિમાન થઈને જોયું કે મારા મોટા ભાઈ આવી રહ્યા છે. એટલે તેઓ મનુષ્ય સ્વરૂપ ધરી સામે આવી દંડવત કરવા લાગ્યા. વર્ણીરાજે તરત જ તેમને ઉભા કર્યા. રામાવતારમાં તમે અમારી બહુ સેવા કરી છે. પછી લક્ષ્મણજી પોતાને જે બેસવાની જગ્યા હતી ત્યાં વર્ણીરાજને બેસાડી પૂજન અર્ચન કરી આરતી ઉતારી રહ્યા છે અને ખૂબજ પ્રેમથી ભેટ્યા છે. પછી લક્ષ્મણજીએ વર્ણીરાજને કહ્યું કે કેટલા યુગો વીતી ગયા પછી આપનાં દર્શન થયા. વર્ણીરાજ કહે કે તમે ગંગાજીને કિનારે તપ કરો છો અમને તપસ્વીઓ બહુ વ્હાલા છે તેથી અમે દર્શન દેવા આવ્યા છીએ. ભૂમિનો ભાર ઉતારવા આ સમયે અમે બ્રાહ્મણ કુળમાં જન્મ ધર્યો છે. અને અસુરોના વિનાશ માટે ને ઋષિમુનિઓનાં સુખ માટે, સંતાપતા ટાળવા માટે હાલ અમે વનવાસ પસંદ કર્યો છે. આમ વાર્તાલાપ કરી ગંગાજી થાળ જમાડે છે. અને લક્ષ્મણજી ગંગાજીમાંથી ગાળીને ગંગાજળ પાય છે.

આજે પણ લક્ષ્મણઝૂલામાં આવો જ ગોખ છે. જેમાં લક્ષ્મણજીની મૂર્તિ છે અને વર્ણીરાજની મૂર્તિ પણ બિરાજમાન છે. લક્ષ્મણઝૂલા દર્શને જાઓ ત્યારે અવશ્ય દર્શન કરશો.

લક્ષ્મણજી જનમ-જનમ મને તમારી સેવાનો લાભ મળે એમ યાચના કરી રહ્યા છે. રામ કરતાં અનંતગણો ત્યાગ લક્ષ્મણજીનો છે. રામજી સાથે તો માતા સીતાજી હતાં, પરંતુ ઉર્મિલાજીનેમૂકી સાચા અર્થમાં સેવક બની લક્ષ્મણજી સેવા કરવા જોડાયા હતા. તેમણે વનવાસ સેવા માટે પસંદ કર્યો હતો. લક્ષ્મણજી જતી હતા. ચૌદ-ચૌદ વર્ષ સાથે રહ્યા, પરંતુ સીતામાતાનાં ચરણ સિવાય બીજું અંગ દેખ્યું નહોતું. જેણે ચૌદવર્ષ સુધી નિદ્રા ન કરી હોય. અન્ન ન લીધું હોય, કોઈ સામે દૃષ્ટિ ન કરી હોય તે જતિ કહેવાય. હનુમાનજી પણ જતિ છે. બ્રહ્માનંદ સ્વામી પણ જતિ હતા. આવા દૃઢ વ્રતવાળા લક્ષ્મણજીને જોઈ વર્ણીરાજ દર્શન કરવા પધાર્યા છે.

●

**ચોરને ચમત્કાર બતાવ્યો**

- પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)

ઉત્તર ગુજરાતમાં ગેરીતા ગામ છે. ગેરીતાના ભક્તોના આગ્રહને વશ થઈ મહારાજ ગેરીતામાં રાત રોકાયા. દંઢાવ્ય પ્રદેશનાં બધા ગામડાં બહુ સુંદર છે. પ્રસાદીના ગામડાં છે. જ્યાં જ્યાં શ્રીજી મહારાજ પધાર્યા, રોકાયા ત્યાં પ્રસાદીના સ્મારકો બનાવ્યા છે. છત્રી છે. ક્યાંક શિલાલેખો છે. ક્યાંક

પ્રસાદીની વસ્તુઓ છે. ભગવાન ગેરીતાથી સાંજે નીકળ્યા એ વાતની ચોર લોકોને ખબર પડી કે સ્વામિનારાયણ ભગવાને દાગીના પહેર્યા છે. અને એમની સાથે મોટા મોટા શાહુકાર ભક્તો છે. ચાલોને લૂંટ કરીએ. અને ચોરે ટોળકી ભાલા, તલવારો જેવા ઘાતકી હથિયાર સાથે વીસ પચ્ચીસ જણ રસ્તો રોકીને ઉભા રહ્યા. રાત્રિના પહેલા પ્રહરનું અંધારૂં હતું. પાર્ષદોએ કહ્યું કે પ્રભુ ! કોઈ ચોર લોકો ઉભા છે. આખી ટોળકીના હાથમાં હથિયારો ચળકે છે. તલવારો દેખાય છે. અમે તૈયાર થઈ જઈએ. મહારાજ કહે આપણે એવું કરવું નથી અજાણ્યો વિસ્તાર છે. એમાં તમને પણ વાગે અને એમને પણ વાગે. આપણું ખરાબ દેખાય. પણ મહારાજ એ લોકો હુમલો કરે અને આ સંતોને વાગે તમને વાગે તો અમારા કર્તવ્યનું શું, અમારી ફરજનું શું !

હે મહારાજ અમારો ધર્મ તમારી રક્ષા કરવી. આ સંતોની રક્ષા કરવી એ અમારો ધર્મ છે. જે થવું હોય તે થાય. પાર્ષદોને રોકતા પ્રભુ કહે શાંતિ રાખો. તમારો ધર્મ સંભાળવાની છૂટ પણ અમને આગળ થવા દો ! શ્રીજી મહારાજ પાર્ષદોની આગળ થયા અને કહ્યું કે તમે બધા પાર્ષદો અમારી સાથે સાથે ચાલો અમને કંઈપણ કરે તો તમે તૈયાર રહેજો. સંતોને પાછળ રાખ્યા. સંતોના હાથમાં કાંઈ હતું નહી. ખંભે પૂજાની ઝોળીઓ હતી. હાથમાં માળાઓ હતી પછી મહારાજ આગળ વધ્યા. ચોરની ટોળકીને અને શ્રીજી મહારાજને માંડ દસ હાથ છેટું રહ્યું અને મહારાજે સિંહનાદ કર્યો.

''જોઈ એવા અસુર તે વારે, સિંહનાદ કીધો તેહ વારે,
ઉગામેલા શસ્ત્ર રહ્યાં હાથ, ચાલ્યા વચમાં થઈ નાથ.''

શ્રીમદ્ ભાગવતના સાતમાં સ્કંધમાં ભગવાન નરસિંહરૂપે પ્રગટ થયા ત્યારે સિંહનાદ કરેલો એનું વર્ણન ભાગવતમાં છે. સિંહનાદના પરિણામે કેટલા બેભાન થઈ ગયા હતા. કેટલીય અસુર સ્ત્રીઓના ગર્ભ સ્ત્રવી ગયા હતા. સ્વામિનારાયણ ભગવાને કરેલો સિંહનાદ સાંભળીને એ ચોરની ટોળકી હથિયારો તાકીને ઉભી હતી. બધાના હાથ ઊંચા હતા. હાથમાં તલવારો હતી. ભાલા હતા. એ બધા એમને એમ પથ્થરનાં પૂતળાની જેમ સ્થિર થઈ ગયા. શ્રીજીમહારાજે પાર્ષદોને કહ્યું અમારી પાછળ પાછળ ચાલ્યા આવો, નિર્ભય થઈને આવો. એ રીતે પાર્ષદો, સંતો બધા આગળ વધ્યા. પછી ચોરની ટોળકીના સરદારે બધાને ખૂબ ગાળો બોલી ખખડાવ્યા. મૂરખનાં નમૂનાઓ કેમ કશું કરી શક્યા નહી.

આ સ્વામિનારાયણ તો છટકી ગયા. સરદાર શું કરીએ અમારા હાથ જ હાલતા નહોતા. ભાલા હાથમાં હતા પણ હાથ ઊંચા જ નહોતા થતા. અરે ! તમે બધાએ મારો પગાર ખાઈ બગાડ્યો. એક ચોરે ખિજાઈને સરદારને સંભળાવી દીધું. બોલ બોલ ના કરશો. તમે શું કર્યું ! સરદાર થઈને ઉભા હતા તો કાંઈ તો તાકાત બતાવવી હતી. એવી અંદરો અંદર બોલાચાલી થઈ. એમાં ઝઘડો થયો. અને સરદારને માર પડ્યો. સરદારે બીજાને માર્યા એમ અંદરો અંદર યુદ્ધ કરીને ઘાયલ થયા. કારણ કે જેવું ચિંતવો એવું મળે. સ્વામિનારાયણ ભગવાન અને ભક્તોને પકડવા હતા. મારવા હતા, લૂંટવા હતા. એ બધું અંદરો અંદર થયું. પછી શ્રીજી મહારાજ રાત્રે કોઈ ગામની ભાગોળે રોકાયા અને બીજે દિવસે પ્રવાસ કરતા કરતાં ઉપોષનગર પધાર્યા.


## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

**Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.**

| | | |
|---|---|---|
| BANK NAME | : | STATE BANK OF INDIA |
| BRANCH | : | FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001 |
| BENEFICIARY NAME | : | SHREE NARNARAYAN MANDIR TRUST |
| SAVING BANK A/C. NO. | : | 401 890 15898 |
| IFS CODE | : | SBIN0000691 |
| SWIFT CODE | : | SBININBB104 |
| BENEFICIARY ADDREES | : | SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA |

**Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-**

**If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.**

# સમૈયો
## ના ઉપલક્ષમાં

**રક્ષાબંધન શ્રાવણ સુદ-૧૫ અમદાવાદ મંદિરમાં સત્સંગસભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર આયોજન દ્વારા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં દર પૂનમના સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી ધર્મકૂળની નિશ્રામાં સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. ગામો ગામના કથા પ્રેમી હરિભક્તો કથા શ્રવણનો લાભ લેવા ખાસ પધારે છે.

આ સભામાં સાધુ દિવ્યસ્વરૂપદાસજી ગુરુ મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ કથામૃત પાન કરાવ્યું હતું. છેલ્લે ધર્મકૂળના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. નારાયણમુનિદાસજીએ (કોઠારી સ્વામી કાલુપુર) શોભાવ્યું હતું. છેલ્લે હજારો ભાવિક ભક્તોએ શ્રી નરનારાયણદેવના રાજભોગ આરતીના દર્શન કરી પ્રસાદ લેવા પધાર્યા હતા. આજે સમૈયાના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પર્યાવરણના એક ભાગ રૂપે લીમડાના રોપા હરિભક્તોને પોતાના વરદ્ હસ્તે વહેંચ્યા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**''સમૈયો''ના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે લીમડાના રોપા-કુંડાનું વિતરણ**

શ્રીજી મહારાજના સમયમાં ૨૦૦ વર્ષ પહેલા મહારાજ ગામો ગામ લોકો પાસે વૃક્ષ વવરાવતા. ત્યારે કોઈ અત્યારના જેવી ટેકનોલોજી વાહન વ્યવહાર, રોડ વગેરે હતા નહીં. જ્યાં જવું હોય ત્યાં ચાલતા જતા. ગરમીના સમયમાં ત્યારે અનેક જંગલો વૃક્ષોથી છવાયેલા હતા. જેથી કાંઈક વિશ્રામ કરવો હોય તો લીંમડા જેવા વૃક્ષ નીચે બેસી આરામ કરતા. લીંમડો તો આરોગ્યનું ઔષધ છે. આયુર્વેદિક દવાઓમાં લગભગ લીંમડાનો ઉપયોગ કરવામાં આવે છે. આપણા સંપ્રદાયમાં ચૈત્રી માસના પ્રારંભમાં કડવા લીંમડાનો રસ પીવો એવું વ્રતોત્સવના નિર્ણયમાં લખેલું છે. ઠાકોરજીને આઠ દિવસ લીંમડાના પાન ને તેનો કોલ તેને આગલા દિવસે ક્રશ કરી તેનો રસ બનાવી રોજે 'ઉત્થાપન સમયે ઠાકોરજીને ધરાવાય છે. જો આ આઠ દિવસ જે કોઈ આ લીંમડાનું જ્યુસ પીવે તેને આખું વર્ષ તાવ તરીયો ન આવે એવું આયુર્વેદિક કહે છે. આપણું સમગ્ર ધર્મકુળ પર્યાવરણને ખૂબ માને છે. જે આપ જોઈ શકો છો. સ્વામિનારાયણ બાગ મેમનગર, સ્વામિનારાયણ મ્યુઝિયમ વગેરે જગ્યાએ અનેક વૃક્ષોનું રીતસર જંગલ છે. આવા શુભ હેતુથી પ.પૂ. મહારાજશ્રીએ સૌને લીંમડાના રોપા સ્વહસ્તે આપીને તેનું જતન કરવા ખાસ આગ્રહ કર્યો છે.

**''સમૈયો''ના ઉપલક્ષમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તુલસીના કુંડાનું વિતરણ**

તુલસી નામ પડે એટલે સૌને મનમાં પૂજ્ય ભાવ જાગે. તુલસીના છોડને ભગવાન કૃષ્ણનું સ્વરૂપ માનવામાં આવે છે. તુલસીમાં દેવીલક્ષ્મીનો વાસ છે. આ બધું તુલસીમાતાનું ધાર્મિક મહત્વ છે. પરંતુ તુલસીનો છોડ દરેક હિન્દુના ઘરે હોય હોય ને હોય જ. દરેક ઘરમાં સવાર સાંજ તુલસીના છોડને તાંબાના લોટા વડે પાણી અને ઘીના દીવા વડે આરતી પૂજન વગેરે થાય છે. કારતક માસના સુદ પક્ષમાં તુલસી વિવાહનું ખૂબ માહાત્મ્ય છે. રોજે તુલસીના ૩ પાન ખાવાથી આરોગ્ય પણ સારું રહે છે.

ઠાકોરજીને રોજ તુલસીના પાન ધરાવવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે કહેવાય છે કે તુલસી ડિપ્રેશનને દૂર કરે છે. તાવ, શરદી, ઉધરસમાં તુલસીના પાનનો ઉકાળો ખૂબજ અકસીર ગણાય છે. આવા અલૌકિક તુલસી માતાના છોડનું ધર્મકૂળના વરદ્ હસ્તે હરિભક્તોને વિતરણ કરવામાં આવ્યું. સૌ હરિભક્તો ખૂબજ પવિત્રતાથી તેનું જતન કરી તેને સાચવશો.

**''સમૈયો''ના ઉપલક્ષમાં પ્રસાદમ્નું વિતરણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી આપણા આગામી મહોત્સવ શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના શિખરબદ્ધ અને હરિમંદિરો ૨૧૨ મિનિટની મહામંત્ર ધૂન કરવી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા આગામી મહામહોત્સવ ''સમૈયો''ના ઉપલક્ષમાં ધાર્મિક-સામાજિક અનેક પ્રવૃતિઓ ચાલી રહી છે. હરિભક્તોમાં ખૂબજ ઉત્સાહ અને જોમ ''સમૈયો'' ઉજવવા માટેનું દેખાઈ રહ્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભગવાનનું ભજન થાય એવા શુભ હેતુથી આજ્ઞા કરી છે કે ''સમૈયો''ના ઉપલક્ષમાં દરેક નાના-મોટા ગામોના શિખરબધ્ધ અને હરિમંદિરોમાં ૨૧૨ મિનિટની મહામંત્ર ધૂનનું આયોજન કરવું અને નજીકના મંદિરોમાં રહેતા આપણા સંતોને ધૂનમાં પધારવા ખાસ જણાવવું.

સમૈયોના ઉપલક્ષમાં તા. ૨૩-૧-૨૦૨૬ સુધી અમદાવાદ શહેરમાં હોસ્પિટલ, અનાથ આશ્રમ જ્યાં પણ શ્રમજીવી ભૂખ્યો માણસ દેખાય ત્યાં તેનો જઠરાગ્નિ ઠરે તેવા ઉમદા હેતુથી આપણા શ્રી નરનારાયણદેવ દેશના અમદાવાદના શિખરબધ્ધ મંદિરોથી રોજ તૈયાર ભોજનના ૨૧૨ પેકેટનું સવાર-સાંજે વિતરણ થાય છે. જે શિક્ષાપત્રી સમૈયા સુધી ચાલશે. સ્વામિનારાયણ બાગથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી દ્વારા પણ મેમનગરમાં હનુમાનજી મંદિર પાસે રોજે અનેક લોકોને તૈયાર ભોજન બનાવડાવી જમાડવામાં આવે છે.

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ કેવા દયાળુ છે તે આ પદમાં જોવામાં આવે છે. સ્વભાવ છે સ્વામીનો પર દુઃખ હારી રે, વારી બહુ નામીનો, કોઈને દુઃખિયો દેખી ન ખમાય દયા આણી રે, અતિ આકળા થાય, અન્ન ધન વસ્ત્ર આપીને દુઃખ ટાળે, કરૂણા દૃષ્ટિ રે, જેવા ભગવાન તેવા જ તેમના પુત્ર હોય. માટે જ આપણે આ પ્રસાદમ્‌ની એક સુંદર પહેલ શરૂ કરી છે.

**અમદાવાદ મંદિરમાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાંનિધ્યમાં ૨૧૨ કલાક ની ૨૧૨ ગામોની અખંડ મહામંત્ર ધૂનના પડઘમ પડઘા વચ્ચે રાત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ભવ્યતાથી ઉજવાયો. હજારો ભક્તોએ ધૂનની સાથે ચોકમાં ગરબા ગાઈને જન્મોત્સવ ઉજવ્યો હતો. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ આરતી ખૂબ ભવ્યતાથી થઈ હતી. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે નંદ સંતો રચિત પદો ગાઈને જન્મોત્સવની ઉજવણી કરી હતી. દરેક હરિભક્તોને પંજાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના "સમૈયો"ના ઉપલક્ષમાં કાલુપુર મંદિરમાં બાળકો-યુવાનોની શિક્ષાપત્રી વક્તૃત્વ સ્પર્ધા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર આયોજન દ્વારા આપણા આગામી મહામહોત્સવ સમૈયાના ઉપલક્ષમાં બાળકો-યુવાનોને મૂળ સંપ્રદાયનું પાયાનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી ફક્ત શિક્ષાપત્રીમાંથી આ બધુ શિખવા મળે, શિક્ષાપત્રીના પાઠ-શ્લોક મુખે કરીને તે મુજબ જીવન જીવે તો તેને જીવનમાં ક્યાંય વાંધો ન આવે - કોઈ સમસ્યા ન થાય. આવા સુંદર પ્રયાસથી અમદાવાદ શહેરની શિક્ષાપત્રી-પ્રશ્નોતરી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. **૧૬-૧૧-૨૦૨૫ના રોજ રવિવાર** શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુર પ્રસાદીના સભા મંડપમાં સવારે ૮ થી પ્રારંભ થશે. સૌ સ્પર્ધકોને સમયસર પોતાની બેઠક મેળવી લેવી.

**"સમૈયો"ના ઉપલક્ષમાં નવાવાડજ મંદિરમાં સત્સંગસભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા-૪ થઈ હતી. તેમાં હરિભક્તો દ્વારા શ્લોક ૭૫ થી ૧૦૦ નું વાંચન પઠન કરવામાં આવ્યું હતું.

સ્વા. દિવ્યસ્વરૂપદાસજીએ (ગુરુ સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી) શિક્ષાપત્રીના ઉપરોક્ત શ્લોકનું સરસ વિવેચન કરી સરળ ભાષામાં હરિભક્તોને સમજાવ્યું હતું. નવા વાડજ મંદિરમાં યુવક મંડળ દ્વારા ભવ્ય કલાત્મક હિંડોળા કર્યા હતા. તેનું ઉદ્‌ઘાટન કરી પૂ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)એ આરતી ઉતારીને હરિભક્તોને બળ પ્રેરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી - નવાવાડજ)

**"સમૈયો"ના ઉપલક્ષમાં જામફળ વાડી શિક્ષાપત્રી ભાષ્યકથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી જામફળવાડી મંદિરમાં તા. ૬ થી ૯ ઓગસ્ટ ૨૦૨૫ દરમ્યાન સમૈયોના ઉપલક્ષમાં સ્વા. દિવ્યસ્વરૂપદાસજીએ શિક્ષાપત્રી ભાષ્યની કથા હરિભક્તોને સંભળાવી હતી. અત્રેના હરિભક્તો ખૂબ રાજી થયા હતા.

(કોઠારી - જામફળવાડી)

**બિલોદરા મંદિરમાં "સમૈયો"ના ઉપલક્ષમાં ભવ્ય હિંડોળા-સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમના શિષ્ય સ્વા. દિવ્યસ્વરૂપદાસજીની પ્રેરણાથી બિલોદરા ગામે સમૈયાના ઉપલક્ષમાં ઠાકોરજી સમક્ષ ભવ્ય હિંડોળા પ્રદર્શન અને સુંદર સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. (કોઠારીશ્રી - બિલોદરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં હિંડોળા ઉત્સવ તથા શ્રીમદ્ ભાગવત કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી અને મહંત સ.ગુ. શા. સ્વામી

દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણાથી અષાઢ શ્રાવણ માસના હિંડોળા ઉત્સવમાં શિક્ષાપત્રી-પર્યાવરણના સુવાક્યો તથા તેને અનુરૂપ પેઈન્ટીંગથી સુશોભિત કરેલા મંડપમાં સેવાભાવી હરિભક્તોના સહયોગથી મહિલા મંડળના બહેનોએ નિત્ય નવીન વિવિધ કલાત્મક હિંડોળાનું સર્જન કરી ઠાકોરજીને ઝુલાવ્યા હતા. દર્શનાર્થીઓ માટે પ.પૂ. મોટા મહારાજશ્રીના વોઈસમાં શિક્ષાપત્રીના શ્લોકોનું ઓડિયો શ્રવણ તથા કોમ્પ્યુટર સ્ક્રીન પર વિડિયો દર્શન થઈ શકે તેમજ પુષ્પોથી શિક્ષાપત્રીનું પૂજન થઈ શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રાવણ માસમાં વિશેષ નિત્ય દોઢ કલાક પૂ. મહંત સ્વામી તથા તેઓના શિષ્ય સાધુ ભક્તિપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથાનું સુંદર આયોજન થયું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે અમાસના દિવસે પ્રાસંગિક સભા તેમજ સમૈયોના ઉપલક્ષમાં વિશેષ શિક્ષાપત્રી સત્સંગ સભા થઈ હતી.

જન્માષ્ટમી ઉત્સવમાં નવા નિકોલના યુવાનો દ્વારા કીર્તન ભક્તિની સાથે ભક્તજનો દ્વારા રાસોત્સવ તેમજ બાળ મંડળના બાળકો દ્વારા અહિંસા અને માંસાહારનો નિષેધ એ શિક્ષાપત્રીના શ્લોકને અનુલક્ષીને સુંદર પ્રેરણાત્મક નાટક રજૂ કરવામાં આવ્યું હતું. મહંત સ્વામીએ નાટકમાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિપાર્ક મહાપૂજા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તેમજ સેવાભાવી હરિભક્તોના આયોજનથી ''સમૈયો''ના ઉપલક્ષમાં તા. ૧૦-૮-૨૦૨૫ ના રોજ એક યુવા ભક્તના મુખ્ય યજમાનપદ સાથે બાલિકાઓ સહિત બાળમંડળના ૧૩૦ જેટલા બાળકો દ્વારા નિજ મંદિરમાં ઠાકોરજીના સાંનિધ્યમાં જ બેસીને સમૂહ પૂજા સંપન્ન થઈ હતી. મહાપૂજાના અંતે પ્રાસંગિક સભામાં નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ.શા. સ્વામી સત્યસંકલ્પદાસજીએ શુભાશીર્વાદ સાથે પોતાની અમૃત વાણીથી બાળમંડળના સંચાલકો અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. યજમાન પ.ભ. કૌશલ ડી. વેકરીયા પરિવાર રહ્યા હતા.

અષાઢ શ્રાવણના હિંડોળા ઉત્સવમાં વિધવિધ પ્રકારના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવ્યા હતા. હિંડોળા ઉત્સવના મંડપની દિવાલોને શિક્ષાપત્રીના શ્લોકો તથા તેને અનુરૂપ ચિત્રથી સુશોભિત કરવામાં આવી હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદરજ ''સમૈયા''ના ઉપલક્ષમાં ઘરેઘરે ધૂન-ભજન-કીર્તન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના આશીર્વાદ-પ્રેરણાથી સંપ્રદાયના મહાન અન્નકૂટધામ આદરજ ગામે સત્સંગી મહિલા મંડળની બહેનોએ શિક્ષાપત્રી સમૈયાના ઉપલક્ષમાં આદરજ ગામમાં ૨૧૨ ઘરે જઈ મહામંત્ર ધૂન-કીર્તન-ભક્તિ કરી સૌને સમૈયોની માહિતી સમજાવી હતી.

(નયનાબેન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડાધામ ''સમૈયો'' તથા જેતલપુરધામ ''દ્વિશતાબ્દી મહોત્સવ''ના ઉપલક્ષમાં પ્રવૃત્તિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી અત્રે લાલોડા (ઈડર પ્રદેશ) ધામના સંતો સ.ગુ. કોઠારી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પૂજારી સ્વામી બાળકૃષ્ણદાસજીની પ્રેરણાથી અત્રે લાલોડા મંદિરમાં આપણા આગામી''સમૈયો'' અને જેતલપુરધામ ''દ્વિશતાબ્દી મહોત્સવ''ના ઉપલક્ષમાં ધાર્મિક સામાજિક પ્રવૃત્તિઓ સુંદર રીતે થઈ રહી છે. તા. ૫-૮-૨૦૨૫ ના રોજ લાલોડા મંદિરથી સાપાવાડા મંદિર અખંડ ધૂન ભજન-કીર્તન કરતા પદયાત્રા યોજવામાં આવી હતી. તેમજ તા. ૯-૮-૨૦૨૫ ના રોજ લાલોડા મંદિરથી ટોરડાધામ-ધૂન-કીર્તન ભજન કરતા પદયાત્રા યોજવામાં આવી હતી. બન્ને પદયાત્રામાં સેંકડો ભક્તો જોડાયા હતા. તા. ૧૬-૮-૨૦૨૫ શ્રીકૃષ્ણ જન્મોત્સવ લાલોડા મંદિરમાં ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક આયોજન કરી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. તા. ૧૯-૮-૨૦૨૫ ઠાકોરજી સમક્ષ ખારેકનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ઠાકોરજીને નિત નવા સુંદર હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. દર એકાદશીના સત્સંગ સભાનું પણ આયોજન થાય છે. દર રવિવારે બાળસભા અને બાલિકા સભા થાય છે. જેમાં બાળકોને ગમ્મત સાથે મૂળ સંપ્રદાયનું જ્ઞાન આપવામાં આવે છે.

(શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોટેશ્વરમાં ઘરે ઘરે સમૈયો નિમિત્તે ભજન-ભક્તિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી કોટેશ્વર મંદિરના મહિલા મંડળના બહેનોએ આપણા આગામી ''સમૈયો''ના ઉપલક્ષમાં કોટેશ્વર ગામના આજુબાજુના વિસ્તારમાં ૨૧૨ ઘરે જઈ શિક્ષાપત્રી શ્લોકનું વાંચન કરી તેનો ભાવાર્થ સમજાવી દરેક ઘરે શિક્ષાપત્રી આપીને હરિભક્તોને સમૈયોની રૂપરેખા સમજાવી હતી.

(નયનાબેન પટેલ)

**સમૈયોના ઉપલક્ષમાં અંબાજી પદયાત્રીઓ માટે સેવા કેમ્પ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (ઉનાવા) તથા ઉનાવા, બાલવા દેશ એવમ્ સમસ્ત સત્સંગ સમાજના આયોજનથી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો ''સમૈયો''ના ઉપલક્ષમાં તા. ૨૯-૮-૨૦૨૫ થી તા. ૨-૯-૨૦૨૫ દરમ્યાન અંબાજી પદયાત્રીઓ માટે અંબાજી રૂટ પર ઉનાવા ગામે સેવા કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨ દ્વારા ''સમૈયો''ના ઉપલક્ષમાં થયેલ પ્રવૃત્તિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર-સે-૨) ના સુંદર માર્ગદર્શનથી તથા કોઠારી સ્વામી ભક્તિજીવનદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨ ખાતે આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં સંત-હરિભક્તો દ્વારા થયેલ પ્રવૃતિઓ. તા. ૨૪-૬-૨૦૨૫ થી તા. ૭-૭-૨૦૨૫ દરમ્યાન રોજે ૨૧૨ શ્રમજીવીઓને તૈયાર ભોજન ટિફિન આપવામાં આવેલ, જેમાં ઘણા હરિભક્તોએ સેવા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ટિફિન પહોંચાડવાની સેવા કરી હતી. અત્રે મંદિરમાં તા. ૧૨-૭-૨૦૨૫ થી તા. ૧૦-૮-૨૦૨૫ સુધી કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિને ઝુલાવ્યા હતા. તા. ૨૫-૭ થી તા. ૨૫-૮ સુધી શ્રાવણ માસમાં સિધેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન, તા. ૩-૮ ના મંદિરમાં મહાપૂજા, તા. ૧૭-૮ થી તા. ૨૩-૮ પર્યન્ત દશમ સ્કંધની કથા થઈ હતી. તા. ૧૮-૭ ના રોજ બપોરે ૨ થી ૪ વિહાર ગામના સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગ સભા થઈ હતી. તા. ૨૫-૭ ના રોજ કલોલના સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગ સભા થઈ હતી. તા. ૩૧-૭ ના રોજ મેડા ગામના સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગ સભા થઈ હતી. તા. ૨૨-૮ ના રોજ વિહાર ગામના સાંખ્યયોગી બહેનોએ સભા કરી હતી. તા. ૧૫-૮-૨૫ ના રોજ સવારના ૬ થી સાંજના ૬ સુધી મહિલા મંડળની બહેનો અને ભાઈઓએ મહામંત્રની ૧૨ કલાક ધૂન કરી હતી. તા. ૨૩-૮ ના રોજ શ્રાવણ માસની પૂર્ણાહુતિ પ્રસંગે ૧૦૦૦ દિપ પ્રાગટ્ય અને ૐનમઃ શિવાયની ૨ કલાક ધૂન બહેનોએ કરી હતી. અત્રે સિનિયર સીટીઝન મંડળ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે ખૂબજ સુંદર સેવાનુ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. અમદાવાદ મંદિરથી મહંત સ્વામી પણ સતત પ્રેરણા આપતા રહે છે. (કોઠારીશ્રી સે-૨ મંદિર)

**માણસા મંદિરમાં સમૈયોના ઉપલક્ષમાં ૨૧૨ કલાકની ધૂન**

શ્રી નરનારાયણદેવની શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા ખાતે આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં સ.ગુ. મહંત સ્વામી સત્યસંકલ્પદાસજી (ધોળકા)ની પ્રેરણાથી અત્રે માણસા મંદિરમાં ૨૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન હરિભક્તોએ કરી હતી.

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (ટાવરવાળું) સમૈયોના ઉપલક્ષમાં નવ ધામ દર્શન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી હળવદ (ટાવરવાળું) શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી અને સંત મંડળ દ્વારા આપણા આગામી મહા મહોત્સવ ''સમૈયો''ના ઉપલક્ષમાં ૩૦૦ હરિભક્તો સાથે શ્રીહરિએ પ્રતિષ્ઠિત કરેલ ૯ નવ ધામોના દેવના દર્શન કરાવી સૌ હરિભક્તોને ''સમૈયો''ની વિગતવાર રૂપરેખા સમજાવી આપણા આ મહોત્સવમાં સર્વ પ્રકારની સેવા કરવા સૌને કટિબધ્ધ બનવા પ્રેરણા કરી સતત ત્રણ દિવસ સુધી યાત્રાનું આયોજન કર્યું હતું. (પ્રતિ. અનિલ દુધરેજીયા)

**અમદાવાદ દેશના ભાઈઓ તથા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરને પુસ્તક ભેટ**

સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞા પ્રેરણાથી અમદાવાદ દેશના દરેક બહેનોના મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા પ્રકાશિત **''ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત સ્ત્રી ભક્તો''** નામનું પુસ્તક ભેટ આપવામાં આવશે.

ભેટ મેળવવાનું સ્થળ :
કોઠાર ઓફિસ : શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર,
શ્રી સુરેશભાઈ, હાર્દિક પુરોહિત.

## સત્સંગ સમાચાર



**મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જ્ઞાનસત્ર-૧, શ્રાવણ માસ શિવપૂજન, હોમાત્મક લઘુરુદ્ર, સમૈયો અને જેતલપુર દ્વિશતાબ્દી નિમિત્તે સભા અને ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ. ગુ. મહંત શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી મહેસાણા, નારણપુરા મંદિરના મહંત સ્વામી સ. ગુ. વિશ્વપ્રકાશદાસજી, મહંત સ્વામી સ. ગુ. નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ પવિત્ર શ્રાવણ માસમાં શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા મુજબ વિશેષ કથા વાર્તા નુ શ્રવણ કરવું એ મુજબ મહેસાણા મંદિર ખાતે જ્ઞાનસત્ર ૧ તા. ૧૭-૦૮-૨૦૨૫ થી તા. ૨૩-૦૮-૨૦૨૫ સુધી શ્રીમદ્ ભગવદ્ દશમસ્કંધ સપ્તાહ પારાયણનું આયોજન કરવામા આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. મહંત શા. સ્વામી દેવસ્વરૂપદાસજીએ (જયપુર) બિરાજી કથામૃતનું સુંદર રસપાન કરાવ્યું હતું.

તદુપરાંત પવિત્ર શ્રાવણ માસમાં વિશેષ સત્સંગ હેતુ મહેસાણા દેશના ગામડાના મંદિરોમાં મહેસાણા મંદિરના સ.ગુ. મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીના સુંદર આયોજન મુજબ તા.૧૭-૦૮-૨૫ થી ૨૩-૦૮-૨૫ સુધી જયપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી દેવસ્વરૂપદાસજીએ રાત્રે ૮ થી ૧૦-૩૦ કલાક સુધી નીચેના ગામોના મંદિરોમાં કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

(૧) કરશનપુરા (૨) મોટપ (૩) આદિવાડા (૪) દેલમાલ (૫) વેણપુરા (૬) અંબાળા (૭) ધિણોજ (૮) ખેરવા

આ મહેસાણા દેશના ગામડાઓમાં ચાતુર્માસ નિમિત્તે કથા વાર્તા થઈ હતી.

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયા અને જેતલપુર મંદિરના ૨૦૦ વર્ષના ઉપલક્ષ્યમાં મહેસાણા ધામ ખાતે ૨૫૧ કલાકની ધૂન કરવામાં આવી અને આ બન્ને દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં મહેસાણા મંદિર ખાતે અત્યાર સુધી ૩૦ સત્સંગસભા યોજાઈ હતી.

સમૈયા ના ઉપલક્ષ્યમાં ૨૧૨ કલાકની ધૂનનું આયોજન થયું. તેમાં તા. ૨૨-૦૮-૨૦૨૫ રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે મહેસાણા દેશના ગામડાનો વારો હોય તે નિમિત્તે મહેસાણા મંદિર ના મહંત સ્વામી સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને મહંત સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજી મહેસાણા, મોટપ, કરશનપુરા વગેરે ગામોના હરિભક્તો ને લઈ કાલુપુર મંદિરના પ્રસાદીના સભામંડપમાં અખંડધૂનનો લાભ લીધો હતો.

પવિત્ર શ્રાવણ માસમાં મહેસાણાધામ મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રી ભોળાનાથ નું આખો શ્રાવણ માસ બીલીપત્ર, અભિષેક, આરતી કરી શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા મુજબ બ્રાહ્મણ દ્વારા વિશેષ પૂજન આખો માસ કરવામાં આવ્યું અને તા. ૨૨-૦૮-૨૦૨૫ ના રોજ મહેસાણા ધામ ખાતે ભગવાન ભોળાનાથ સમક્ષ હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો જેના યજમાન પ.ભ. શ્રી મુકેશભાઈ ફુલચંદદાસ મોદી પરિવારે લઈ ધન્યતા અનુભવી હતી. (હિતેન્દ્ર ભગત – મહેસાણાધામ)

**કાંકરિયા (રામબાગ) મંદિરમાં સમૈયોના ઉપલક્ષમાં હિંડોળા દર્શન**

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળથી પાવન ધરા કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા અને આશીર્વાદથી તેમજ કાંકરિયા મહંત શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની બહેનોએ આખા માસ દરમ્યાન વિવિધ પ્રકારના અવનવા હિંડોળા શણગારી શ્રી હરિકૃષ્ણ મહારાજને ઝુલાવવાનો અને ઓચ્છવ કરી હરિભક્તોએ અલભ્ય લાભ લઈ ધન્યતા અનુભવી હતી. (કોઠારી સ્વામી - કાંકરિયા)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**જેઠ સુદ-૨** પ.ભ. નારણ મૂળજી સેંઘાણી (નારાયણપર-કચ્છ), પ.ભ.અ.નિ. વિમળાબેન મનુભાઈ પટેલ (સાયરા), પ.ભ.અ.નિ. શાંતાબેન શાંતિભાઈ બાલધા (મોટા સમઢીયાળા). **જેઠ સુદ-૩** પ.ભ. મહેન્દ્રભાઈ મહાસુખલાલ સોની (અમદાવાદ). **જેઠ સુદ-૪** પ.ભ. રતનબેન દેવજી ગાંગજી રાબડીયા (વાડાસર-કચ્છ). **જેઠ સુદ-૫** અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વા. હરિનારાયણદાસજી (અમદાવાદ-કાલુપુર), અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વા. હરિનારાયણદાસજી (સત્સંગ સમાજ કુબડથલગામ), પ.ભ. ધ્યાન ભૂપેન્દ્રભાઈ પટેલ (કલોલ). **જેઠ સુદ-૬** પ.ભ. હેત વિવેક કેરાઈ (અમદાવાદ), પ.ભ. મુક્તાબેન ધનજીભાઈ પટેલ (નવરંગપુરા), પ.ભ. નીમીબેન એમ. કપોપુરા (નિકોલ), પ.ભ. કાર્તિકભાઈ ભાવસાર (અમદાવાદ), શ્રી કોર્પોરેશન (અમદાવાદ), અ.નિ. પાર્ષદ દેવુ ભગત જયસીયારામ (રાણા કંડોરણા), પ.ભ. પ્રદિપભાઈ મનુભાઈ પટેલ (રાજપુર). **જેઠ સુદ-૭** પ.ભ. ઘનશ્યામભાઈ જીવરાજભાઈ જોબનપુત્રા (રાજકોટ), પ.ભ. અલ્પેશ રાદડીયા (નિકોલ). **જેઠ સુદ-૮** પ.ભ. રમેશસિંહ જે. વાઘેલા (ખોડા). **જેઠ સુદ-૯** પ.ભ. નિલેશકુમાર સોમચંદભાઈ કોટક (અમદાવાદ), પ.ભ. શાંતાબેન પ્રેમજી ભૂડીયા (સુખપર-કચ્છ), પ.ભ. સુરેન્દ્ર એન્ડ વર્ષા જુરાની (મુંબઈ). **જેઠ સુદ-૧૧** પ.ભ. રામજીભાઈ જેઠાલાલ વરસાણી (સામત્રા-કચ્છ). **જેઠ સુદ-૧૨** પ.ભ. પરિતોષ નિલેશકુમાર કોટક (અમદાવાદ), પ.ભ.અ.નિ. જડીબેન નરોતમભાઈ પટેલ (કરજીસણ), પ.ભ. પ્રાપ્તિ ચંદ્રકાન્તભાઈ પટેલ (રાણીપ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. કાંતિભાઈ લલીતાબેન પટેલ (મોટેરા), પ.ભ. આશિષ દેવેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અનિલભાઈ ગોકળભાઈ ત્રાપસીયા (સુરત), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. વસંતભાઈ નટવરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અમૃતલાલ નટવરલાલ પટેલ (અમદાવાદ), માણકી ટેક્ષટાઈલ્સ, પ.ભ. હરગોવિંદભાઈ ઝવેરભાઈ પટેલ (થડમલપુરા), પ.ભ.અ.નિ. લક્ષ્મીબેન સામજીભાઈ ગોગારી (નડીયાદ), પ.ભ. નટવરભાઈ સોમચંદભાઈ મોદી (અમદાવાદ), પ.ભ. ગીતાબેન રમેશભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. મિલનકુમાર જયંતીલાલ પટેલ (કરજીસણ), પ.ભ. દિપકભાઈ (ગાંધીનગર), ગોપાલ જેટ પ્રેસર સિસ્ટમ, અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીરંગદાસજી - હ. પ.ભ. ઘનશ્યામભાઈ કાનદાસ પટેલ, હવેલી મહિલા મંડળ (કાલુપુર મંદિર), પ.ભ. સંજયકુમાર બાબુલાલ સાવલીયા (અમદાવાદ), પ.ભ. કાળુભાઈ વીરજીભાઈ પાનસુરીયા (રાજકોટ). **જેઠ સુદ-૧૩** પ.ભ. ધ્રુવલકુમાર પી. (રનેલા), પ.ભ.અ.નિ. મહેશભાઈ ભક્તિદાસ પટેલ (રાજપુર). **જેઠ સુદ-૧૪** પ.ભ.અ.નિ. આરતીબેન બિપીનભાઈ (અમદાવાદ). **જેઠ સુદ-૧૫** પ.ભ. તન્વી નિલેશકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. નંદુબેન ભીખાભાઈ ક્યાડા (નિકોલ), પ.ભ. અક્ષય વિષ્ણુભાઈ પટેલ (ડાંગરવા), પ.ભ.અ.નિ. વાલબાઈ માવજી પિંડોરીયા (મિરજાપુર-કચ્છ), પ.ભ. માનવ કેતન વોરા (અમદાવાદ).

**જેઠ વદ-૧** પ.ભ.અ.નિ. ભીખાભાઈ કલ્યાણભાઈ ગેલાણી (સુરત), પ.ભ.અ.નિ. ખીમજીભાઈ વિરજી વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. હેમલતાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ). **જેઠ વદ-૨** પ.ભ. મયુરભાઈ જયંતીભાઈ પટેલ (પલાણા). **જેઠ વદ-૩** પ.ભ.અ.નિ. મેહુલભાઈ બેચરભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. માણેકલાલ સોમનાથ પટેલ (બામણવા), અ.નિ. સ.ગુ. શા. સ્વામી શ્રીરંગદાસજી (કાલુપુર-અમદાવાદ). **જેઠ વદ-૪** પ.ભ. ચાર્મીબેન સુશીલકુમાર પટેલ (કોઠંબા), પ.ભ. લીલાબેન ચંદુભાઈ જગમાલભાઈ ખેર (બળોલ-ભાલ), પ.ભ. મધુબેન સોમદાસ પટેલ (સાણંદ), પ.ભ. ગીરીશભાઈ બારભાયા (બેંગ્લોર), પ.ભ.અ.નિ. દલસંગભાઈ ચૌધરી (ભીમપુરા). **જેઠ વદ-૫** પ.ભ. અમરતભાઈ ચૌધરી (પ્રતાપપુરા), પ.ભ.અ.નિ. દિલીપભાઈ ગોરધનભાઈ પટેલ (ભાદરણ). **જેઠ વદ-૬** પ.ભ.અ.નિ. સામબાઈ મનજી આસાણી (માંડવી-કચ્છ). **જેઠ વદ-૭** પ.ભ.અ.નિ. અશ્વિનકુમાર કે. સોની (અમદાવાદ). **જેઠ વદ-૮** અ.નિ. સ.ગુ. શા. સ્વામી શ્રીરંગદાસજી (કાલુપુર ) - હ. લસુન્દ્રા સત્સંગ સમાજ. **જેઠ વદ-૯** પ.ભ.અ.નિ. સામબાઈ મનજી આસાણી (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. તખીબેન કાનાભાઈ ચૌધરી (બાલવા). **જેઠ વદ-૧૦** પ.ભ. નિત્ય સાગરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. લાલભાઈ કેશવલાલ પટેલ (મુબારકપુરા). **જેઠ વદ-૧૧/૧૨** પ.ભ. લાલજીભાઈ વલ્લભભાઈ ગોધાણી (વિરપુર), પ.ભ. વનુભા શિવુભા વાઘેલા (ગોધાવી), પ.ભ. સંજયભાઈ આર. સોની (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. ધવલ પરમાનંદ પટેલ (રાણીપ), પ.ભ.અ.નિ. કલુજી કાનાજી ઠાકોર (મહેસાણા), પ.ભ. હરિદર્શનભાઈ સોની (અમદાવાદ), પ.ભ. સોહિલકુમાર સુરેશભાઈ ચૌધરી (હિંમતપુરા), પ.ભ. ગીતાબેન સુરેશભાઈ શેલડીયા (નિકોલ), પ.ભ. મેઘબાઈ રામજી વેકરીયા (ગોડપર-કચ્છ), પ.ભ. ખીમજીભાઈ જેઠાભાઈ મકવાણા (રાજકોટ). **જેઠ વદ-૩૦** પાર્ષદ બાબુ ભગત ગુરુ શંકર ભગત (કાલુપુર મંદિર), પ.ભ. હિર સુરેશભાઈ ચૌધરી (હિંમતપુરા), પ.ભ.અ.નિ. કાનજીભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ (કરમડ).

### અક્ષરનિવાસી સંતોને ભાવભીની શ્રધ્ધાજંલિ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના સંત (લુણાવાડા મંદિરમાં સેવા પૂજા કરતા) સ.ગુ. સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી (ઉં. ૬૮ વર્ષ) શ્રાવણ વદ-૩ તા. ૧૨-૮-૨૦૨૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સંત (ઈડર મંદિરમાં સેવા પૂજા કરતા) સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી ભાદરવા સુદ-૧ તા. ૨૪-૮-૨૦૨૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji



અમદાવાદ મંદિરમાં દર પૂનમે નિયમિત થતી સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં પોતાના વરદ્ હસ્તે સંત મહાદીક્ષા આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



જીવરાજપાર્ક મંદિરના ૩૭ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ જીવાત્માઓના આત્મ કલ્યાણ માટે કાલુપુર મંદિરમાં અખંડ ધૂન યોજાઈ હતી.



વિસનગર નૂતન મંદિરનું ખાત મુહૂર્ત વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શ્રી કચ્છ લેઉઆ પટેલ સમાજના અમદાવાદ નવજીવન ખાતેના નવા સંકુલનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



‘‘સમૈયો’’ના ઉપલક્ષમાં રાણીપમાં આયોજીત સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



‘‘સમૈયો’’ના ઉપલક્ષમાં ૨૧૨ દિવસ આપણા મંદિરો દ્વારા ગરીબોને મફત ભોજન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026




એન.એન.ડી. ક્રિકેટ લીગની ફાઈનલ મેચ પ.પૂ.લાલજી મહારાજ ની ટીમ “ટાઈટન” જીતી એ વેળા કપ સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી



શીવગઢ રાપર (કચ્છ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



એલનટાઉન (આઈ.એસ.એસ.ઓ.અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



પ.પૂ.ભાવિઆચાર્ય 108
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો 28 મો
પ્રાગટ્યોત્સવ

અષાઢ વદ-૧૦
તા. ૨૦-૭-૨૦૨૫
રવિવાર

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ દેશ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો
સમૈયો
23-1-2026 - 27-1-2026
અધ્યક્ષ : પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
સ્થળ:-
“પર્વ”ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી મંદિરની બાજુમાં,
જમીયતપુરા,અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ દેશ

વિશ્વના સૌ પ્રથમ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં
સમૈયાના ઉપલક્ષમાં
ભવ્ય હરિના હિંડોળા પ્રદર્શન
તા.૧૨-૭-૨૫ થી ૨૩-૮-૨૫